
Rs
75=00



સરૂપ ધ્રુવ

# સહિયારા સૂરજની ખોજમાં

# સહિયારા સૂરજની ખોજમાં

(ગવાયાં તે ગીત)

સરૂપ ધ્રુવ

**સંવેદન સાંસ્કૃતિક મંચ**

'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક - ૭

**2003**

સહિયારા સૂરજની ખોજમાં

*SAHIYARA SURAJANI KHOJMAN*
*Collection of Songs*
*by Saroop Dhruv*
*March, 2003*

© સરૂપ ધ્રુવ
૪, લલિતકુંજ, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

૭૫૦ નકલ

મૂલ્ય : રૂપિયા પંચોતેર (Rs. 75/-)

આવરણ : અમિત દવે (ઇન્ટરફેઇથ)

કૉમ્પ્યૂટર ટાઇપ સેટિંગ : મુકેશ એન્ટરપ્રાઇઝ,
બી ૧૧૯, સૃષ્ટિ પાર્ક, પાર્શ્વનાથ ટાઉનશીપ,
નવા નરોડા, અમદાવાદ

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર, અમદાવાદ

પ્રકાશક : સંવેદન સાંસ્કૃતિક મંચ,
'દિગંત' ૯, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૧

વિતરક : 'દર્શન'
એ ૯/૪, સહજાનંદ ટાવર્સ, રેલ્વે ઓવરબ્રીજના છેડે,
જીવરાજ પાર્ક, અમદાવાદ - ૩૮૦ ૦૫૧.
ફોન નં : 6815484, 6820088

# અર્પણ

## સુશ્રી મેધાબહેન પાટકરને...

*જેમણે મૂડીવાદી વિકાસની વિડંબળાઓને પડકારી,*
*જેમણે છેવાડાના લોકોને એ પડકારની*
*પરિભાષાની ખુમારી આપીને*
*જનઆંદોલન જગવ્યું, જીવતું રાખ્યું*
*એવાં ઝૂઝારુ કર્મશીલ*
*મેધાબહેનને આ ગીતો સાદર-પ્રેમ.*

# સહિયારા સૂરજની ખોજમાં

*લોકજીવન, લોકસમસ્યાઓ, લોકજાગૃતિ અને લોકસંઘર્ષમાં મારી સંડોવણીને કારણે એટલું તો અચૂક સમજાયું છે કે ગીતોમાં શક્તિ છે. બે દાયકા પહેલાં 'આધુનિક કવિ' હતી ત્યારે ગીતો વેવલાઈ છે એમ માનતી હતી, લખતાં શરમ લાગતી હતી કેમ કે એ ગીતોની પરિભાષા અણગમતી હતી, અલગ હતી. આજે જનવાદી ક્રાન્તિકારી આંદોલનની સિપાહી બન્યા પછી ગીતો મારાં પણ હથિયાર બન્યાં છે, લોકોની જેમ, લોકકવિઓની જેમ.*

*આમ જુઓ તો ગુજરાતમાં અને દેશમાં, ગયો દાયકો વિશિષ્ટ લોકઆંદોલનોનો નહોતો; સામાજિક અને રાજકીયક્ષેત્રે સક્રિયતાનો હતો. ભૂકંપ અને જૅનોસાઈડ (વંશીય નિકંદન)નાં પરિણામો અને પ્રતિક્રિયાથી સભ્યતા અને સંસ્કૃતિને બહુ શોષવું પડ્યું. જનસમુદાય દુષ્કાળ, પાણીની અછત, ગરીબોનું હાંશિયાકરણ, પ્રગતિવિહીન વિકાસની આંધળી દોટ અને જ્ઞાનપ્રકાશ વિહોણી આધુનિકતા (!) જેવી વિવિધ આસમાની-સુલતાનીનો પ્રતિકાર ગીતો દ્વારા કરી શકે છે. ગીતો એમને ન્યાયને મારગે ઝૂઝવામાં ટેકો આપે છે. આ સંગ્રહમાં જનસમુદાયના આ પ્રતિકાર અને ઝૂઝારુપણાનો સંગાથ કરવાનો સૂર પહેલો છે.*

પંચાવન વર્ષ પછી પણ લોકશાહીને લાયક સમાજરચના માટેના પ્રયાસો કરવા જ પડે છે. પંચાયતીરાજ, સ્વશાસન, દલિત અધિકાર, દલિત સંઘર્ષ, નારી જાગૃતિ, નારી સંગઠન, બિનસાંપ્રદાયિકતા જેવી ભાવનાઓ અને મૂલ્યો ધરાવતાં આ ગીતોમાં લોકશાહીનાં મૂળિયાંને મજબૂત કરવાનો પ્રયાસ છે.

'મશાલ ગીતો'નો વિશેષ ઉલ્લેખ કરતાં પોરસાઉં છું. કચ્છમાં ભૂકંપ પછી જે સામાજિક વિષમતા અને અન્યાયનો માહોલ ભીંસવા લાગ્યો ત્યારે એને તાગવા અને સક્રિયપણે એને ભેદવા માટે જે શેરીનાટક અને ગીતો દ્વારા એક સાંસ્કૃતિક પ્રયાસ કરેલો તે છેવટે સ્થાનિક વંચિતોના 'લોકઅધિકાર મંચ' રૂપે નક્કર રૂપ પામ્યો. કચ્છમાં દેશભરના નિષ્ણાતો, ન્યાયાધીશો દ્વારા લોકસુનાવણી થઈ, સ્વયંભૂ લોકઆંદોલને જોર પકડ્યું તેની ભૂમિકા બનવા પામેલાં આ ગીતો આજની તારીખમાં પણ કચ્છી માડુનાં કંઠે રમે છે તે જાણી - સાંભળીને ગરવાઉં છું.

ગુજરાતમાં છેવાડાના લોકો <u>માટે</u> અને એમના <u>વતી</u> અવાજ ઉઠાવવાનું કામ કરતાં સ્વૈચ્છિક સંગઠનો સાથેની અમારી (સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંસ્થા 'દર્શન'ની) સહભાગિતાનાં પરિણામ સમાં આ ગીતો ગવાયાં છે, ફેલાયાં છે, ઑડિયો-કેસેટોમાં સચવાયાં છે. 'આનંદી', 'દૃષ્ટિ', 'નવસર્જન', 'મહિલા સ્વરાજ મંચ', 'સામાજિક ન્યાયકેન્દ્ર', 'સ્નેહ સમુદાય', 'અમન સમુદાય', 'ગુર્જરવાણી'નો આ ગીતોના નિર્માણમાં નિમિત્તરૂપ થવા બદલ આભાર માનું છું.

અસરકારક સંગીતથી સજાવેલાં આ ગીતોની બંદિશ - લગભગ તમામ ગીતોની બંદિશ આત્મીયતાપૂર્વક બાંધનાર શ્રી મયંકભાઇ ઓઝા પણ આ ગીતોની પ્રભાવક્તાના ભાગીદાર છે. તેમનો સપ્રેમ



આભાર. આ ગીતોને કંઠ આપનાર કલાકારો, કસબીઓને પણ સાભાર યાદ કરું છું.

મારી કલમની જનવાદી ધારને કદી બુઠ્ઠી થવા ન દેનાર પ્રહરિ તરીકે અને 'દર્શન'ના સંવાહક તરીકે આ ગીતોના નિર્માણમાં સીધો અને આડકતરો ફાળો આપનાર બિરાદર હિરેન ગાંધીનો પણ આભાર.

'સંવેદન સાંસ્કૃતિક મંચ' અને ગુજરાતના જનસંઘર્ષ સાથે સંકળાયેલા શ્રી ઇશ્વરભાઇ અમારા મિત્ર હોવા ઉપરાંત આ પુસ્તકના મુદ્રક પણ છે. તેમના મુકેશ એન્ટરપ્રાઇઝ મુદ્રણ સંસ્થાનનો અને સુચારુ છપાઇ કરવા બદલ 'ચંદ્રિકા પ્રિન્ટરી'નાં મિત્રોનો પણ આભાર.

અને છેલ્લે... જેમણે આ ગીતો હૈયાં ભરીને ગાયાં છે, મન ભરીને માણ્યાં છે અને જેમનાં જીવનમાં આ ગીતોએ કશીક પરિવર્તનલક્ષી ભૂમિકા ભજવીને મારા પ્રયત્નને અર્થપૂર્ણ બનાવ્યો છે એવા, ગુજરાતના વંચિત-દલિત-શોષિત સમુદાયના હાથમાં આ ગીતો મૂકીને અટકું છું : સહિયારા સૂરજની આપણા સૌની ખોજ સૂરભરપૂર બની રહે એ જ ઝંખના સાથે.

**સરૂપ ધ્રુવ**

# ડૉ. સરૂપ ધ્રુવનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન

## કાવ્ય સંગ્રહ

| | | | |
|---|---|---|---|
| 1. | **મારા હાથની વાત** | 1982 | નક્ષત્ર ટ્રસ્ટ |
| 2. | **સળગતી હવાઓ** | 1995 | સંવેદન સાંસ્કૃતિક મંચ |

## અભ્યાસ ગ્રંથ

| | | | |
|---|---|---|---|
| 1. | **હીરનો હીંચકો** | 2001 | અમી પબ્લિકેશન |

[ભાલ પ્રદેશની વણકર કોમની બેનોનાં લોકગીતોનું સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ નિરૂપતો ગ્રંથ - બિહેવીયરલ સાયન્સ સેન્ટરનાં સુશ્રી શોભના પરમાર-જ્યોત્સ્ના મૅકવાનના સહયોગ સાથે]

## મહત્ત્વપૂર્ણ અભ્યાસ લેખો

| | | | |
|---|---|---|---|
| 1. | **'પરીકથા : પરિકથા'** | 'વિદ્યાપીઠ' | 1973 |
| 2. | **'ઉખાણાં'** | 'વિદ્યાપીઠ' | 1974 |
| 3. | **'ગુજરાતી કવિતામાં નારી'** | 'પરબ' | જાન્યુઆરી -1982 |
| 4. | **'વૃક્ષ ચલે નિજ લીલા'** | 'દર્શક અભિનંદન ગ્રંથ' | 1985 |
| 5. | **'લોકસાહિત્યના અધ્યાપનની સમસ્યાઓ'** | 'અધીત' | 1986 |
| 6. | **'સંદર્ભો પરવારી ગયા પછી પણ'** | 'જગભેરૂ જયંતિ દલાલ' | 1986 |
| 7. | **'મોં સૂઝણું'** | 'કસૂંબીનો રંગ' (મેઘાણી અધ્યયન ગ્રંથ) | 1998 |
| 8. | **'સર્જક ચેતના' : પ્રશ્નો અને પડકારો'** | 'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો' | 1998 |

[ગુજરાતી સાહિત્ય પરિષદના 1997ના વડોદરા ખાતેના અધિવેશનમાં રજૂ કરેલ અભ્યાસ લેખ]



| | | | |
|---|---|---|---|
| 9. | **'ઊંડા અંધારેથી'** | 'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ' કાવ્ય સંગ્રહનો પ્રસ્તાવના લેખ | 2000 |
| 10. | **'એક મશાલ : શૂરી પૂરી'** | 'અગનફૂલ' કાવ્ય સંગ્રહનો પ્રસ્તાવનાનો લેખ | 2000 |

## સંપાદનો

| | | | |
|---|---|---|---|
| 1. | **'આપણું સાહિત્ય'** (જનવાદી સાહિત્યિક પત્રિકા) | હિરેન ગાંધી સાથે | 1985 થી 1986 |
| 2. | **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) | હિરેન ગાંધી સાથે | 1986 |
| 3. | **'આખ્ખા દાયકાનો દસ્તાવેજ'** (ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રમાણપત્ર બૉર્ડ નાબૂદી આંદોલનનો દસ્તાવેજી ગ્રંથ) | હિરેન ગાંધી અને હસમુખ બારાડી સાથે | 1990 |
| 4. | **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો'** | હિરેન ગાંધી - મયંક ઓઝા સાથે | 1998 |
| 5. | **'કલમ - ૧'** ('કલમ' લેખિકા મંચનો વાર્ષિક સાહિત્ય સંગ્રહ) | સુશ્રી સુહાસ ઓઝા, રીતા ભટ્ટ, જયશ્રી મહેતા, સ્વાતિ મેઢ અને ઇન્દુ રાવ સાથે | 2001 |

## અંગ્રેજી સર્વસંગ્રહોમાં પ્રતિનિધિત્વ

| | | | |
|---|---|---|---|
| 1. | **'ઇન્ડિયન વિમેન રાઇટીંગ - પાર્ટ : ૨'** | ઑક્સફર્ડ પ્રેસ | 1990 |
| 2. | **'ઇન ધેર ઑવ્ન વૉઇસ'** | પેન્ગ્વિન ઇન્ડિયા | 1990 |
| 3. | **'એસેન્ટ ઓન ગુજરાતી પોએટ્રી'** | ભારતીય સાહિત્ય એકેડેમીના 'ઇન્ડિયન લિટરેચર'નો અંક - 181 | 1997 |

# અનુક્રમણિકા


વિભાગ - ૧ : મોં ખોલીને હું કહેવાની

| | | |
|---|---|---|
| ૧. | સંઘર્ષ ગીતા | 2 |
| ૨. | મિલન ગીત | 7 |
| ૩. | પંચાયત બહેનાના મેળા માટે | 10 |
| ૪. | મહિલા મેળો | 11 |
| ૫. | બહેનોની રામાયણ | 13 |
| ૬. | સહિયારા પ્રશ્નો... | 14 |
| ૭. | ક્યારે, કહોને, ક્યારે ? | 15 |
| ૮. | લીલીછમ વાડિયું વેડાઇ ગઇ | 16 |
| ૯. | સાસુ - વહુનો સંવાદ | 20 |
| ૧૦. | એક નહિ જન્મેલી દીકરીનો મરસિયો | 22 |
| ૧૧. | દલિત કન્યાનું ગીત | 23 |
| ૧૨. | છેક છેવાડે (*દલિત બહેનોનું ગીત*) | 24 |

**વિભાગ - ૨ : અજવાળાં ઉતારો** 25

| | | |
|---|---|---|
| ૧. | ઝબાક્ક્ ઉઘડી આંખ | 26 |
| ૨. | અધિકાર - ગીત | 27 |
| ૩. | દલિતોની આઝાદી | 30 |
| ૪. | સંગઠન | 32 |
| ૫. | અજવાળાં ઉતારો | 33 |

**વિભાગ - ૩ : સ્વરાજ સૌનું** 35

| | | |
|---|---|---|
| ૧. | સ્વરાજ સૌનું | 36 |
| ૨. | ચૂંટણી આવી | 38 |
| ૩. | સ્વશાસન અને સ્ત્રીઓ | 40 |
| ૪. | સ્વશાસન અને આદિવાસીઓ | 41 |
| ૫. | સ્વશાસન અને દલિતો | 42 |
| ૬. | સ્વશાસનમાં ગ્રામસભા | 43 |
| ૭. | સહિયારું સપનું | 44 |
| ૮. | સપનાંનો ભંગાર | 46 |

**વિભાગ - ૪ : મશાલ ગીતો** 47

| | | |
|---|---|---|
| ૧. | નવા કચ્છનું સમણું | 48 |
| ૨. | જવાબદારી | 59 |
| ૩. | ખીલ્યાં છે ફૂલ | 50 |
| ૪. | વૃદ્ધોનું ગીત | 51 |
| ૫. | કેમ નથી બદલાતું ? | 52 |
| ૬. | લોકશાહી | 54 |
| ૭. | કોનાં અમે બાળ ? | 55 |
| ૮. | માણસને શું જોઇએ ? | 56 |
| ૯. | મારા ગામના લોકો | 57 |

**વિભાગ - ૫ : અમદાવાદ ! અમદાવાદ !** 59

| | | |
|---|---|---|
| ૧. | સાયકલ મારી સરરર જાય... | 60 |
| ૨. | અમન-ગીત | 63 |
| ૩. | શ્હેરની સડકો | 64 |
| ૪. | હર બાર કિસીભી દંગે મેં | 65 |

# ૧. સંઘર્ષ - ગીતા

*[ પંચમહાલની આદિવાસી બહેનોની સાંસ્કૃતિક ટુકડી માટે, ૮મી માર્ચ નિમિત્તે લખેલી 'સ્ત્રી ગીતા' નાટકનું ગીત, જેમાં મહિલા-વહીવંચાઓ અલગ અલગ દશ્યોના આરંભે એકેકી કડી ગાઈને શરૂઆત કરતાં હતાં ]*

**કોરસ** - નવા જમાનાની નવી લડાઈઓ, નવા વહીવંચા નીકળતેલા હો !
કાન દઈ સુણજો ને ખુલ્લી આંખ રાખજો, એટલું કહેવા આવતેલાં હો !

**સુત્રધાર** - નવા જમાનાની કઈ લડાઈઓ ? બહેનોની લડાઈઓ. ઓગણીસમી અને વીસમી સદીમાં સ્ત્રીઓ દ્વારા શરૂ થયેલાં અને ચાલેલાં આંદોલનો, ચળવળો અને લડતનાં ઈતિહાસનાં કેટલાંક પાત્રો અને વિગતો લઈને આવેલાં આ મહિલા વહીવંચાઓને સાંભળજો અને આજનો - આઠમી માર્ચનો મહિમા જાણજો ને જણાવતાં રહેજો.... (દાંડી પિટે છે) હો.. હો.. હો.. હો....

(૧)

**કોરસ** - અમેરિકાની મજદૂર બહેનો, કામના કલાક માટે લડતેલી હો !
હડતાલો પાડીને રેલીઓ કાઢેલી એણે હક્કની લડાઈ એમ કીધેલી હો !
ઝૂક્યા'તા માલિક ને જીતેલી બહેનો એમ પહેલી લડત નવી ચાલેલી હો !
વરસોવરસ એ જીત યાદ કરવાને બહેનોની મીટીંગો મળતેલી હો !

(૨)

યુરોપ - અમેરિકાની બેનો એવી લડી કે અમને મતાધિકાર જોઈએ રે હો !
લાંબી લડત આપી, માંગણી ઉઠાવી'તી સત્તાના હક્ક એમ મેળવ્યા રે હો !
સહુને માટે લડી'તી, સૌને અપાવ્યા હક્ક, એનાં તે ફળ સહુ પામ્યાં રે હો !
આપણે આઝાદ થયાં, બહેનો મતદાર બની, ચૂંટણી લડવાને સહુ આવિયા રે હો !





(૩)

સાવિત્રીબાઈ* તો સાદી સીધી તોયે, બહાદૂરી કેવી બતાડેલી હો !
પાટી, પેન, ચોપડી હાથમાં લઈને એ તો નિશાળે ભણવા બેઠેલી હો !
ગાળોએ સાંભળી ને પથરાનો માર ખાધો, તોયે હિંમત ના છોડેલી હો !
ભણતી જો થાય બહેનો, દુનિયા બદલે એવી વાત એણે જીવી બતાવેલી હો !

(૪)

અનુસૂયાબેન*ની એવી લડાઈ કે કામદારનાં દુઃખ જાણતેલાં હો !
શેઠિયાની દીકરી ને શેઠિયાની બહેન હતી ; કામદાર તોયે બચાવતેલાં હો !
સાસરિયું છોડીને પિયર પાછી આવી, પરદેશ ભણવાને જાતેલી હો !
મિલની માલિક બની, ભાઈની ભાગીદાર ને કામદારના હક્ક ગજવેલા હો !

(૫)

દુર્ગા* છે નામ જેનું, ભાભી ભગતસિંગની, સૌની માનેતી એ થાતેલી હો !
ઘરવાળા સાથોસાથ ખભો મિલાવીને આઝાદી - જંગમાં લડતેલી હો !
ફાટ્યો'તો બૉમ્બ અને ધણી મરાયો ત્યારે પળભરમાં વિધવા બનતેલી હો !
ખૂણે એ પેઠી ન'તી, મોં વાળી રડતી ન'તી; લડવાને બહાર એ આવતેલી હો !

(૬)

શારદાબહેન*ને દાકતર સુમંતભઈ*, જુગતે એ જોડી મળતેલી હો !
પહેલવ્હેલાં કોલેજમાં ભણીયાં ને બ્હાર પડ્યાં, ગરીબનાં ભેરૂ થાતેલાં હો !
ઝૂંપડાંમાં રહીને સેવાઓ કીધી, મજદૂરનાં બાળ સાજાં કીધેલાં હો !
છોડિયું ભણાવી ને નિશાળો કાઢી પછી કોલેજો બહેનોની કાઢતેલાં હો !

(૭)

એકલદોકલ અને વિધવા લાચાર બેનો આશરા માટે ટળવળતી'તી હો !
સાસરેથી કાઢેલી, મા બાપે તરછોડી, સમાજે જેને ધુત્કારેલી હો !
એવી બહેનોને 'ઘરનું ઘર' આપવા, 'વિકાસગૃહ' એણે બાંધેલું હો !
પુષ્પાબહેને* તો આગળ આવીને એમ બહેનોની વિપદાને ભાંગેલી હો !

(૮)

કાઠિયાવાડમાં શિયાળ બેટ છે, કોળી-પઢાર ત્યાં વસતેલાં હો !
આમતેમ આથડીને મજૂરી કરતાં, જેમતેમ પેટ એમ ભરતેલાં હો !
માસ્તરની દીકરી કાશીબહેન* એક, મનમાં નિરધાર એમ કરતેલો હો !
શહેરમાં પહોંચીને એ તો નર્સનું ભણતેલાં ને માંદાની સેવા કરતેલાં હો !

(૯)

દેશની આઝાદી વેળા, ભાગલા પડેલા ત્યારે, સૂરજ પણ શરમે ઢંકાતેલો હો !
હિંદુ- મુસલમાન-શિખ ત્યાં લૂંટાયેલાં, કાળો તે કેર કેવો જામતેલો હો !
બહેનો વિખાણી ને પિંખાણી લાજ એની, સૌએ નિરાધાર બનતેલી હો !
મૃદુલાબેન* સાથે કમળાબેન* જઈ પ્હોંચી બહેનોને આશરા આપતેલાં હો !

(૧૦)

રાની પરજ ને કાળી પરજ એ તો ડુંગર ને જંગલમાં વસતેલાં હો !
આદિવાસીને 'ભીલડાં' કહીને સૌ માણસમાં એને ના ગણતેલાં હો !
કાંતાબેન*, કોકિબેન*, અંનપૂરણાબેન* એમ જંગલમાં હારોહાર આવતેલાં હો !
વન વન ઘૂમીને એણે છોકરાં ભણાવિયાં ને આદિવાસીને જગાડતેલાં હો !

**સમાપન**

આવી આવી લડતો ને આવી આવી હારજીત, વહીવંચા થઈને અમે ગાતેલાં હો !
વરસો વરસ બેનો એની તે યાદમાં, ઉજવણી કરવાને મળતેલાં હો !
આઠમી માર્ચને 'મહિલા દિવસ' કહી, વરસોવરસ પોરસાતેલાં હો !
ભેગાં મળીને સહુ સુખ-દુઃખ વહેંચતાં ને સંગાથે શક્તિ સાંપડતેલાં હો !

ફેબ્રુઆરી, '98

***સંદર્ભનોંધ :***

કડી - ૧: ઈ. 1857 માં અમેરિકાના શિકાગો શહેરની કાપડ મિલની કામદાર બહેનોની લડત; જેને ૧૯મી સદીની પહેલી શ્રમજીવી લડત કહેવાય છે.





કડી - ૨: આ લડતને યુરોપની, ખાસ તો જર્મનીની બૌદ્ધિક તેમ જ કામગાર બહેનોએ આગળ ધપાવી. નારીવાદી આંદોલનનો આરંભ થયો : જે 'સફ્રેજેટ મુવમેન્ટ' કહેવાય છે.

કડી - ૩: સાવિત્રીબાઈ ફૂલે, જે મહારાષ્ટ્રના દલિત ક્રાન્તિવીર મહાત્મા જ્યોતિરાવ ફૂલેનાં નિરક્ષર પત્ની હતાં. પતિએ પત્નીને ભણાવવાની શરૂઆત કરી અને મહારાષ્ટ્રમાં સ્ત્રી-કેળવણીનો આરંભ કર્યો. સમાજનાં મહેણાંટોણાં વેઠીને પણ આ દંપતિએ શિક્ષણ અને સુધારાનું કામ ચાલુ રાખ્યું.

કડી - ૪: અનુસૂયાબહેન સારાભાઈ, અમદાવાદની કેલિકો મિલનાં માલિક હતાં. મિલકામદારોના અધિકાર અને હિતોનાં રક્ષણ માટે સગા ભાઈ સામે લડત આપવી પડેલી. પોતે મિલકામદારોની ચાલીઓમાં નિશાળ, ગ્રંથાલય અને સ્ત્રીઓ માટે સિવણવર્ગ વગેરે પણ ચલાવતાં હતાં.

કડી-૫: દુર્ગાભાભી તરીકે જાણીતાં મૂળ ગુજરાતી એવાં ક્રાન્તિકારી મહિલા પોતાના ક્રાન્તિકારી પતિ ભગવતીચરણ વોરા સાથે ખભેખભો મિલાવીને સશસ્ત્ર ક્રાન્તિના સાહસો કરતાં. શહીદ ભગતસિંહ ઉપર એમને ખૂબ મમતા હતી.

કડી - ૬: શારદાબેન ગુજરાતનાં પ્રથમ ગ્રેજ્યુએટ બેનોમાંનાં એક. સ્ત્રીકેળવણી અને બહેનો-બાળકોનાં આરોગ્યનાં કામ પોતાના પતિ ડૉ. સુમન્ત મહેતાની સાથે મળીને કરતાં. ગુજરાતમાં મહિલા-કોલેજ સ્થાપવામાં એમનો મોટો ફાળો હતો.

કડી - ૭: પુષ્પાબેન દેસાઈ, જેમણે બહેનોનાં શિક્ષણ-રોજગારીનાં કાર્યોની શરૂઆત સૌરાષ્ટ્રથી કરી ; જાણીતું મહિલા-ગૃહ 'વિકાસગૃહ' શરૂ કર્યું. આજે 'વિકાસગૃહ'ની ગુજરાતભરમાં શાખાઓ છે.

કડી - ૮: કાશીબહેન મહેતા, પ્રથમ ઉજળિયાત મહિલા હતાં જેમણે નર્સીંગનો અભ્યાસ કરીને, સૌરાષ્ટ્રના ગરીબ-પછાત વિસ્તારોમાં બહેનોના આરોગ્યનું કામ કર્યું. આજે ૯૦ની વયે તેઓ વડોદરામાં વસે છે.

કડી - ૯: મૃદુલાબેન સારાભાઈએ 1936 માં, અમદાવાદમાં બહેનો માટેની સંસ્થા 'જ્યોતિસંઘ'ની સ્થાપના કરી હતી. દેશના ભાગલા પડ્યા ત્યારે હિંદુ, મુસ્લિમ અને

શિખ કોમની તરછોડાયેલી અને ત્રાસ પામેલી બહેનોના પુનઃસ્થાપનનું ભગીરથ કાર્ય કરવાની જવાબદારી સરકારે તેમને સોંપી. મુંબઈનાં ગાંધીવાદી સમાજ કાર્યકર કમળાબેન પટેલ પણ મૃદુલાબેનની સાથે જોડાયાં. ૧૯૪૭થી ૧૯૫૪ સુધી આ કામ ચાલ્યું. કમળાબેને આ કામનાં સંસ્મરણો લખ્યાં, જેનું 'મૂળ સોતાં ઉખડેલાં'નામે પ્રસિદ્ધ પુસ્તક રચાયું.

કડી - ૧૦: દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં જુગતરામ દવેએ આદિવાસી સુધારણા, શિક્ષણનું કામ શરૂ કરેલું. અન્નપૂર્ણાબેન મહેતા, કાન્તાબહેન, હરવિલાસ બેન, કોકિબેન જેવાં ગાંધીવાદી કર્મશીલ મહિલાઓએ આ કાર્ય ખૂબ નિષ્ઠા અને ત્યાગપૂર્વક ચાલુ રાખ્યું.





# ૨. મિલન - ગીત

જૂથ : ૧

આવો રે આવો બહેનો ! અવસર આપણો આવ્યો... હો !
ઉંબરથી આકાશ લગી જો ! મારગ આ લંબાયો.... હો !
પંચાયતનાં ખૂલ્યાં બારણાં.... ઊજાસ જો, પથરાયો.... હો !
રગરગમાં ને જીવતરમાં જો ! રંગ નવો છલકાયો... હો !

આજ સુધી આઘાં રાખેલાં, આજ સુધી અણઘડ સમજેલાં
મરદોની આ દુનિયા માંહે લેશું હક્ક સવાયો... હો !

જૂથ - ૨

સાચું પૂછો, તો મને કંઇ કંઇ થાય
સત્તા મળી, હવે શું કરશું ?
મરદોની વચ્ચે કેમ બેસાય ?
સત્તા મળી, હવે શું કરશું ?
બહુ બોલ્યામાં આબરૂ જાય,
સત્તા મળી, હવે શું કરશું ?
બોલિયે નહિ તો કામ કેમ થાય ?
સત્તા મળી, હવે શું કરશું ?

જૂથ : ૧

આવો ડર તોઆપણા સૌનાં હૈયામાંહિ ભરિયો... હો !
એ ડર આજે દૂર કરીશું, મક્કમ નિર્ણય કરિયો... હો !
મેળે મેળે કોઠાસૂઝથી ઘરનો વહીવટ કરિયો.... હો !
સુખમાં, દુઃખમાં ટક્કર ઝીલી, ઘર સંસાર ચલાવિયો.... હો !
તૂટ પડી તો ટાંકા લીધા, નથી નવો કંઇ કિસ્સો.... હો !
ઘરનો વહીવટ, ગામનો વહીવટ, આપણો સરખો હિસ્સો.... હો !

જૂથ : ૨

જયાં પગ મેલો, કાદવ-કિચ્ચડ
સત્તા મળી, હવે શું કરશું ?
કરવાં કેમ કરી, કામ કંઇ નવતર ?
લોભ ને લાલચ, લાંચ ને રૂશ્વત
સત્તા મળી, હવે શું કરશું ?
કોણ રે બદલશે ભૂંડો એ વહીવટ
સત્તા મળી, હવે શું કરશું ?

જૂથ : ૧

આપણા હાથની વાત છે આ તો, આ તો આપણું કામ છે હો
ભાંગેલાંને ફેરથી ઘડવાં, સર્જનહારનું કામ છે હો....

નવ નવ માસની ધીરજ રાખી, આપણે બાળ ઉછેર્યાં હો....
આપણા ગામને ખોળે રાખી, એમ જ ગામ ઉછેરશું હો....

ઘરની ગંદકી દૂર કરી'તી.... ઘરના મેલ તો ધોયા હો....
એમ જ આપણા ગામની ગંદકી, આપણે દૂર કરીશું હો....

આજ સુધી ઘરનું જોતાંતાં.... હવે દૂરનું જોશું હો....
આજ સુધી ઘરનું કરતાં'તાં.... હવે ગામનું કરશું હો....

જૂથ : ૨

કચેરીઓમાં કલ્લાકો જાય
સત્તા મળી તો શું વળિયું ?
સામે થઇએ તો હડહડ થાય - સત્તા મળી.
તલાટી - સેવક જીવ ખઈ જાય - સત્તા મળી.
બેનોની ઠેરઠેર ઠઠ્ઠા થાય - સત્તા મળી.





જૂથ : ૧

હવે સામનો કરશું સૌનો.... રસ્તા સૌ શોધીશું હો....
અરસપરસને ટેકો કરશું.... એમ જ આગળ વધશું હો....
સત્તાનો મતલબ સમજીશું.... નવી રીત કૈં શીખશું હો....
નવું ગણિત ને નવલી ભાષા.... અર્થ નવા પામીશું હો....
આજે અહીંયાં સૂર મિલાવી.... શક્તિગીત ગજવશું હો....
ઊંબરથી આકાશ લગી લ્યો.... હામ ભિડીને જાશું હો....

'97

*રચના સંદર્ભ : '97 માં ગુજરાતભરની પંચાયત-સભ્ય તથા સરપંચ બહેનોના મહા-મેળા માટે શરૂ થયેલા 'મહિલા સ્વરાજ અભિયાન'નું (થીમ-સોંગ) મુખ્ય સંઘગાન.*

જૂથ : ૨

જ્યાં પગ મેલો, કાદવ-કિચ્ચડ
સત્તા મળી, હવે શું કરશું ?
કરવાં કેમ કરી, કામ કંઇ નવતર ?
લોભ ને લાલચ, લાંચ ને રૂશ્વત
સત્તા મળી, હવે શું કરશું ?
કોણ રે બદલશે ભૂંડો એ વહીવટ
સત્તા મળી, હવે શું કરશું ?

જૂથ : ૧

આપણા હાથની વાત છે આ તો, આ તો આપણું કામ છે હો
ભાંગેલાંને ફેરથી ઘડવાં, સર્જનહારનું કામ છે હો....

નવ નવ માસની ધીરજ રાખી, આપણે બાળ ઉછેર્યાં હો....
આપણા ગામને ખોળે રાખી, એમ જ ગામ ઉછેરશું હો....

ઘરની ગંદકી દૂર કરી'તી.... ઘરના મેલ તો ધોયા હો....
એમ જ આપણા ગામની ગંદકી, આપણે દૂર કરીશું હો....

આજ સુધી ઘરનું જોતાંતાં.... હવે દૂરનું જોશું હો....
આજ સુધી ઘરનું કરતાં'તાં.... હવે ગામનું કરશું હો....

જૂથ : ૨

કચેરીઓમાં કલ્લાકો જાય
સત્તા મળી તો શું વળિયું ?
સામે થઇએ તો હડહડ થાય - સત્તા મળી.
તલાટી - સેવક જીવ ખઈ જાય - સત્તા મળી.
બેનોની ઠેરઠેર ઠઠ્ઠા થાય - સત્તા મળી.





જૂથ : ૧

હવે સામનો કરશું સૌનો.... રસ્તા સૌ શોધીશું હો....
અરસપરસને ટેકો કરશું.... એમ જ આગળ વધશું હો....
સત્તાનો મતલબ સમજીશું.... નવી રીત કૈં શીખશું હો....
નવું ગણિત ને નવલી ભાષા.... અર્થ નવા પામીશું હો....
આજે અહીંયાં સૂર મિલાવી.... શક્તિગીત ગજવશું હો....
ઊંબરથી આકાશ લગી લ્યો.... હામ ભિડીને જાશું હો....

'97

*રચના સંદર્ભ : '97માં ગુજરાતભરની પંચાયત-સભ્ય તથા સરપંચ બહેનોના મહા-મેળા માટે શરૂ થયેલા 'મહિલા સ્વરાજ અભિયાન'નું (થીમ-સૉંગ) મુખ્ય સંઘગાન.*

# ૩. પંચાયત - બહેનોના મેળા માટે

ગીત : ૧

*(ઝૂલણ મોરલી વાગી રે... નો ઢાળ)*

ઝૂલણ મોરલી વાગી રે... જગ આખામાં
જુઓ, જુઓ, બ્હેનો કેવી જાગી રે... જગ આખામાં

ગામે ગામથી અમે તો આવિયાં રે...
સાથે શક્તિ અનેરી લાવિયાં રે... જગ આખામાં

આજે મંચથી કરી શરૂઆત રે...
આજે મોં ખોલી કરી અમે વાત રે... જગ આખામાં

એક ડગલું ભર્યું હિંમતથી રે...
અમે ડરશું નહીં કોઈ વાતથી રે... જગ આખામાં

અમે કુટુંબ - સમાજને સમજાવિયાં રે...
અમે ઉંબર ઓળંગીને આવિયાં રે... જગ આખામાં

સામે નવલાં મારગ કૈંક દીઠા રે...
અમે સપનાં નવાંનવાં દીઠાં રે.. જગ આખામાં

અમે એકમેકને લીધાં સાથમાં રે...
પછી સૌને લેવાં સંગાથમાં રે... જગ આખામાં

આજે ઘરનો વહીવટ અમે કરતાં રે...
કાલે દેશમાં ચલાવશું રાજ રે... જગ આખામાં

અમે દિવડીથી દીવા પેટાવિયા રે.
અમે રસ્તા નવા અજવાળિયા રે... જગ આખામાં

'99

*રચના સંદર્ભ : સૌરાષ્ટ્રની પંચાયત-સભ્ય તથા સરપંચ બહેનોના મેળા માટે રચાયેલ સંઘગાન.*





# ૪. મહિલા-મેળો

*(રંગ લાગ્યો - ચુંદડીએ - નો ઢાળ)*

રંગ લાગ્યો મેળાનો, સહુને રંગ લાગ્યો
નવી આશા, હિંમતનો રંગ લાગ્યો
મારી બેનો રે... કે હોવે - હોવે... રંગ લાગ્યો..

અમે પ્હેલે પગથિયે પગ મેલ્યો
અમે ઊંચક્યાં માથાં સાથ... મેળાનો સહુને રંગ લાગ્યો

અમે બીજે પગથિયે પગ મેલ્યો
મોં ખોલ્યાં ને મનની કિધી વાત... મેળાનો સહુને..

અમે ત્રીજે પગથિયે પગ મેલ્યો
અમે સૈયરને લીધી સંગાથ... મેળાનો સહુને..

અમે ચોથે પગથિયે પગ મેલ્યો
અમે સંગે રોયાં- સાથ હસ્યાં... મેળાનો સહુને..

અમે પાંચમે પગથિયે પગ મેલ્યો
અમે માહિતી મેળવીને રાચ્યાં... મેળાનો સહુને..

અમે છઠ્ઠે પગથિયે પગ મેલ્યો
અમે છૂટથી જગમંડપમાં નાચ્યાં... મેળાનો સહુને..

અમે સાતમે પગથિયે પગ મેલ્યો
હવે સત્તાનો મતલબ સમજાય... મેળાનો સહુને..

અમે આઠમે પગથિયે પગ મેલ્યો
અધિકારનો અરથ સમજાય... મેળાનો સહુને..

અમે નવમે પગથિયે પગ મેલ્યો
નવા સમાજનાં સપનાં દેખાય... મેળાનો સહુને..

અમે દસમે પગથિયે પગ મેલ્યો
સૌ સમાન છે એવું સમજાય... મેળાનો સહુને..

દસે ડગલાં ધરતી પર સંગે દીધાં
હવે આગળનો પંથ દેખાય... મેળાનો સહુને..

અમે અંતરના દિવડા પ્રગટાવ્યા
હવે જ્યોતિથી જ્યોત જગવાય... મેળાનો સહુને..

ઓગસ્ટ, 2001

*રચના સંદર્ભ : સૌરાષ્ટ્ર સહિયર મેળા માટે તૈયાર કરેલું સમૂહગીત.*





# ૫. બહેનોની રામાયણ

રામાયણ, રામાયણ, મારે રોજની રામાયણ રે ! (૨)

વ્હેલી પરોઢે ઘંટી માંડું
દાણાંની રામાયણ રે...
ચૂલો જ્યાં પેટાવા જાઉં
બળતણની રામાયણ રે...
ત્રણ જો સાંધું, તેર જ તૂટે... એવી તો રામાયણ રે !

પીવા જોવે, ન્હાવા જોવે
પાણીની રામાયણ રે...
કૂવા ખૂટે, ચકલી તૂટે
પંપની રામાયણ રે....
બારે મહિના તરસે મરતાં... એવી તો રામાયણ રે...

મુલક આખો પથરે ભરિયો
ખેતીની રામાયણ રે...
રળવા બીજું કામ મળે ના
રોજીની રામાયણ રે...
આખા ભવની ભટકણ મારે... એવી તો રામાયણ રે !

કેમ જ વિતે મનખો ક્હોને
રાત-દિ' અકળામણ રે !
અસ્ત્રીનો જનમારો જાણે
સીતાની સંકડામણ રે !
રોતાં - ગાતાં વરસો જાતાં... એવી તો રામાયણ રે !

*[જાગૃતિ-નાટક 'સ્ત્રી ગીતા'નું ગીત]*

જૂન, '98

## ૬. સહિયારા પ્રશ્નો અને જવાબોની સહિયારી શોધ

થાય છે, થાય છે, થાય છે રે -
અમને પ્રશ્નો ઘણા ઘણા થાય છે રે
થાય છે, થાય છે, થાય છે રે-
જવાબ જાણવાની ઈચ્છા તો થાય છે રે
થોડાં થોડાં કામ કર્યાં, થોડાં થોડાં સફળ થયાં
થોડી થોડી બચત કરી, થોડાં પગભર થયાં
(તોયે) આગળ ક્યાં મારગ દેખાય છે રે ?...
- એવા પ્રશ્નો ઘણા ઘણા થાય છે રે !

પુરુષોની દુનિયામાં બેનો આગળ વધી
તોયે એ તો કહેતા કે બેનો અણઘડ રહી
"બેનોથી કામ ક્યારે થાય છે રે ?..." એવા પ્રશ્નો ઘણા ઘણા થાય છે રે !
અબળા અમે નથી ને તોય કદર કરે નહિ
વહીવટી કે સરકારી સહકાર મળે જ નહિ
કેવી કેવી છેતરપિંડી થાય છે રે ?.. એવા પ્રશ્નો ઘણા ઘણા...
રોડ, પાણી, લાઈટ ને નિશાળની સગવડ જો'યે
દવાખાનાં, કામ, રોજી, સરખું વેતન જો'યે
(તોયે) હકની લડત ક્યાં થાય છે રે ?... એવા પ્રશ્નો ઘણાં ઘણાં.
મૂંઝવણ અમારી છે ને મૂંઝવણ તમારીયે છે
આજ હૈયું ખોલીએ ને નાટક બતાવીએ છે.
સાથે પૂછો - જવાબ મળી જાય છે રે ?... એવાં પ્રશ્નો.

31 ઑગસ્ટ, 2001

*રચના સંદર્ભ : પંચાયતમાં બહેનોની ભાગીદારી અંગેના શેરીનાટકનું ગીત.*





## ૭. ક્યારે, કહોને, ક્યારે ?

ક્યારે, ક્યારે, ક્યારે કહોને,
ક્યારે કહો, મળશે અધિકાર ?...(૩)

ટૂંપી નાખે શ્વસતાં પહેલાં, જનમ્યાં પહેલાં મારે
દીકરી દીવડી ઝાંખી પાંખી, પ્રગટ્યાં પહેલાં ઠારે

લૂખો રોટલો, લુખ્ખાં હૈયા, દીકરી કેરાં ભાણે
જીવે તો શું પામે, એ તો જગ આખુંયે જાણે

ઝીણાં ઝીણાં વણબોલેલાં દુખડાં કેવાં ભારે ?
નજરો ભૂખી ડાંસ ; જે વાગે, ભૂંડું બોલી મારે

ઘુમટે ઢાંકે, ઘરમાં ગોંધે, લક્ષ્મણરેખા દોરે
'મર્યાદા', 'આમન્યા' 'ઘરની ઈજ્જત' કહી હૈડું કોરે

કાઢી મૂકે, ધકકેલી દે વાત વાતમાં ઘરની બહાર
કાચનું વાસણ, કાચો દોરો, આ તે શો સ્ત્રીનો સંસાર ?

ક્યાં જઈને કરવી ફરિયાદ ? કોને જઈ કરવો પોકાર ?
નારીને નરવાં જીવતરનો ક્યારે કહો, મળશે અધિકાર ?

જાન્યુઆરી - 2002

*(સ્ત્રીઓ અને હિંસા વિશે શેરીનાટકનું મુખ્ય ગીત.)*

# ૮. લીલીછમ વાડિયું વેડાઇ ગઇ

★ (ભભૂકતી આગ જેવા ધ્વનિ વચ્ચેથી યુવતીની કાળી ચીસ સંભળાય. કરૂણ સ્વરો વહેતા થાય. મૃત યુવતીની માતાનો વિલાપ-સૂર-)

મા - લીલીછમ વાડિયું વેડાઇ ગઇ રે લોલ
કેળ કાચી, ઉપર કારી ઘાવ જો
કે દીકરી સાસરિયામાં સળગી મરી રે લોલ.

★ (કોરસ આ છેલ્લી પંક્તિનાં કરૂણ સ્વરે આવર્તન કરશે. એ પૂરાં થાય પછી, એ જ માતાની બીજી - નાની દીકરીનો સ્વર -)

નાની દીકરી - સળગી કે સળગાવી મેલી ?
મારી બેનને બાળી મેલી....
માડી ! સાચું કહેજે !
અફવાઓ તેં માની લીધી
મારી બેનને મરવા દીધી ....
માડી ! સાચું કહેજે !

મા - ધીરે બોલ, ધીરે બોલ છોકરી, રે લોલ...
ઘરની બ્હાર વાત રખે જાય જો.... દીકરી સાસરિયામાં.

દીકરી - ઘરની વાતો ઘરમાં રાખી
દીકરીને ઊકરડે નાખી
જીવ શેં ચાલ્યો ?
રડતી પાછી આવી ત્યારે
ધૂતકારીને પાછી કાઢી
જીવ શેં ચાલ્યો ?

મા - દીકરી તે પારકું ધન થઇ રે લોલ
સાસરે જ શોભે એની જાત જો.... દીકરી સાસરિયામાં.





દીકરી - જૂની વાતો જૂઠ્ઠી વાતો
માની લીધી વરસો સુધી
કેંક તો વિચારો !
મારપીટ ને મ્હેણાં-ટોણાં
વેઠ્યાં એણે વરસો સુધી
કેંક તો વિચારો !

મા- મૂંગાં રહી સહેવું એ સંસ્કાર છે રે લોલ
આપણો તો અસ્ત્રીનો અવતાર જો ... દીકરી સાસરિયામાં.

દીકરી - સદીઓથી અમે સહેતાં આવ્યાં
ઢોરની પેંઠે જીવતાં આવ્યાં
હવે નહિ ચાલે !
દીકરી નથી બજારૂ વસ્તુ
વેચી કે વેચાતી લીધી
હવે નહિ ચાલે !

મા- ઘૈડિયા તો શાસ્ત્રમાં એમ કહી ગયાં રે લોલ
જે કહ્યું તે કરવામાં જ સાર જો.... દીકરી સાસરિયામાં.

દીકરી - એ શાસ્ત્રો શોષણથી ભરિયાં
આપણાં જીવતર હીણાં કરિયાં
એને નહિ માનું !
સ્ત્રીઓ પર બહુ બંધન લાધ્યાં
દલિતો પર બહુ દમન કીધાં
એને નહિ માનું !

મા - મોઇ, મારા પેટે નફ્ફટ ક્યાં પડી રે લોલ
આવું આવું છોડીથી બોલાય ? જો .... દીકરી સાસરિયામાં.

દીકરી - માડી ! એમ જ જીવતર વીત્યાં
ઘરખૂણે આંસુડાં સિંચ્યાં

- ક્યાં સુધી ચાલે ?
બાપુને ડર લોકલાજનો
ભાઇનો સ્વારથ કૈં બીજો
- ક્યાં સુધી ચાલે ?

મા - દીકરી મારી ! છાની રહે તું છોકરી રે લોલ
લોક બધું ઠોલી-ફોલી ખાય જો.... દીકરી સાસરિયામાં.

દીકરી - એવા લોકથી ડરું ન હું તો
કરવાની એ કરું જ હું તો
- હવે નથી સ્હેવાની
લોકની ચિંતા તું છોડી દે
સમાજનો ડર તું છોડી દે
- એ જ કહેવાની

મા - આપણો સમાજ એમ ચાલતો રે લોલ
આપણાથી કશુંયે ન થાય જો.... દીકરી સાસરિયામાં.

દીકરી - આ લોકો છે નઠોર, ભૂંડા
વહુ-દીકરીને વેચે - બાળે
- હવે નહીં ચાલે !
ન્યાયનો આપણો હક્ક છે માડી !
ન્યા'ને મારગ હું તો જવાની
- હવે નહીં ચાલે !

મા - ન્યાય કે અન્યાય હું ન જાણતી રે લોલ
અભણ ને અબળાનો આ અવતાર જો .... દીકરી સાસરિયામાં.

દીકરી - હું તો ઉજાળું ભણતર, માડી !
સ્વમાન માટે હું લડવાની - હું તો લડવાની !
મોં ખોલીને હું ક્હેવાની
બધાં વતી લે - હું લડવાની - હું તો લડવાની !





પંચોમાં જઇને ધા નાખું
અત્યાચાર ઉઘાડા પાડું - હું તો લડવાની !
પોલિસમાં ફરિયાદ લખાવું
જઇ કોરટમાં હું ન્યા' માગું - હું તો લડવાની ! (૩)

કોરસ - માથું ઊંચકી લડત કરો તો માગ્યું મળશે.... સપનાં ફળશે
ગયા જમાના અબળાના એ, હવે તો દુનિયા... રંગ બદલશે

દીકરી - અમે દિકરિયું સમજી જો ને
સમજે બાપુ, વીરો સમજે
સમાજ આખો એમ બદલશે

કોરસ - દીકરીને ના વેચે, સાટે.... વહુને ના સળગાવી મારે
સૂતા હો તે હમણાં જાગે.... જાગી દુનિયા બદલી જાણે
એક બળી - બીજી ના બળજો
એવી બાધા માનો આજે
આજ બળી - કાલે ના બળજો
એવી બાધા માનો આજે
મનમાં વાળી ગાંઠ, જીવો તો માગ્યું મળશે.... સપનાં ફળશે !
માથું ઊંચકી લડત કરો તો હક્કો મળશે.... સપનાં ફળશે !

'97

*રચના સંદર્ભ : 'દલિત - સ્વમાન'ની ઑડિયો કેસેટ "ઢોલ વગાડો, અજવાળાં ઉતારો" માટે રચેલો પદ્યાત્મક સંવાદ.*

# ૯. સાસુ - વહુનો સંવાદ

(માથે મેલું ઉપાડનારા વાલ્મિકી સમાજની વાસ્તવિકતા)

સાસુ : હાથે ઝાડૂ ને માથે સૂંડલો રે લોલ
સાસુ ક્હે છે વહુ બેટા ઝટ્ હાલ જો,
કે સદીઓથી આ જ રીત ચાલતી રે લોલ.

વહુ : વહું કહે છે આમ તો હું કામઢી રે લોલ
(પણ) માથે મેલુ ઉપાડ્યું નવ જાય જો,
કે આવી તે રીત શાને વેઠવી રે લોલ.

સાસુ : કાળજું કોરાય મારું ક્યારનું રે લોલ
તારી મેંદી-ભાત શેં વિંખાય જો,.... સદીઓથી.

વહુ : આંખે આંજેલ કાંઇ ઓરતા રે લોલ
ગંધ થઈને ઊડી ઊડી જાય જો.... આવી તે રીત.

સાસુ : સોંપ્યો ન'તો ચાવીઝૂડો સાસુએ રે લોલ
આવતાંવેંત ઝાડૂ લીધેલ હાથ જો... સદીઓથી.

વહુ : શાને માંડું પગલું જૂની વાટમાં રે લોલ
નવી કેડી, નવાં પગલાં હોય જો....
કે નવલી તે ભાત મારે પાડવી રે લોલ.

સાસુ : ધણી પાળે ઇ જ ધરમ આપણો રે લોલ
સાસરિયામાં એ જ શીખી વાત જો...સદીઓથી.

વહુ : પંડને અળપે ઇ ધરમ ક્યાં થયો રે લોલ
એવાં દેવલાં ધરમે ના પૂજાય જો... નવલી તે ભાત.

સાસુ : જીવતર મળ્યું છે એવું કારમું રે લોલ
ભીંત્યું સાથે જુધ્ધ શેં ખેલાય જો... સદીઓથી.





વહુ : એ રે ભીંત્યુંને હવે ભાંગવી રે લોલ
હૈયાની હામથી લડાય જો....
એવી તે રીત મારે પાડવી રે લોલ.

સાસુ : રગરગમાં વૈતરાં વ્હેતાં થિયાં રે લોલ
હામ બધી ધરબી હૈયામાંહ્ય જો.... સદીઓથી.

વહુ : એક દિ' જવાબ મારે જાણવો રે લોલ
ઝાઝેરા સવાલ મુંને થાય જો....
આવી તે રીત શાને સ્થાપવી રે લોલ....

સાસુ : ફૂંવે ફૂંવે લાહ્ય અપમાનની રે લોલ
આંસુડાની ધારે ઠરી જાય જો.... સદીઓથી.

વહુ : બૈજી ! એક વાર 'ના' કહી જુઓ રે લોલ
જો જો પછી તાલ કેવો થાય જો....
કે નવલી તે ભાત સૌએ પાડવી રે લોલ.

ડિસેમ્બર, 2000

*રચના સંદર્ભ : દલિત-સમસ્યા અંગેની કેસેટ 'છેવાડાનું ફળિયું' માટે લખેલી રચના.*

## ૧૦. એક નહિ જન્મેલી દીકરીનો મરસિયો

પરપોટો એક ફૂટ્યો રે, બેની ! તને ખમ્મા ... ખમ્મા !
સમદર શ્વાસનો ખૂટ્યો રે, બેની ! તને ખમ્મા... ખમ્મા !
એ પરપોટો ધરતી જેવી માએ ના માગ્યો
આભસમાણા બાપુને પણ ઝાંખપ શો લાગ્યો
વંશવેલ પર પરપોટો કંઈ કાંટો થઈ વાગ્યો
કૂણી કાચી નસનસમાંહે અમલ અદીઠો ઘૂંટ્યો રે, બેની ! તને ખમ્મા... ખમ્મા !
અધબિડી બે છીપની વચ્ચે ચળક ચળક મોતી
પરપોટાની આંખો શું શું ટગર ટગર જોતી
ધીરજ, આશા-વાટ વચાળે રવ રવ શું રોતી
ઘરઆંગણિયે ઘરફોડુએ કાફલો લૂંટ્યો રે, બેની ! તને ખમ્મા...ખમ્મા
પરપોટાના હાથમાં કો'યે પોથી ના પકડાવી
પરપોટાના પગમાં કો'યે પાંખો ના પ્હેરાવી
પરપોટાની શમણાં - બોલી કો'યે ના પરમાણી
સરસતી સરસતી કરતાં કરતાં હંસલો ઝૂંટ્યો રે, બેની ! તને ખમ્મા ...!
પરપોટાની પોઠ વિનાનો સમદર તો ધારી જો -
ખળખળ વ્હેતાં નીર વિનાનો મલક જરા ધારી જો -
ટાઢક, મીઠપ, છૉળ વિનાનાં જીવતર તો ધારી જો -
લકવાયેલી દુનિયાનો આ તાર જ તૂટ્યો રે, બેની ! તને ખમ્મા ...ખમ્મા !
પરપોટાના પેટની વાતું કોણ તાગશે, કહો
ઘોર વળેલાં ઘારણમાંથી કોણ જાગશે, કહો
સાતમો કોઠો કોણ આંબશે - કોણ ભાંગશે, કહો
જોઉં, જોઉં, અહિ કોનો થનગન ઘોડો છૂટ્યો રે, બેની ! તને ખમ્મા...ખમ્મા.

જુલાઇ, 2001

*રચના સંદર્ભ : ગર્ભજાતિ પરીક્ષણ પછી નારી-ભૃણહત્યાના બહોળા બનતા બનાવોનવા વિરોધમાં આ રચના.*





## ૧૧. દલિત કન્યાનું ગીત

સૈ, મારે અક્ષર લખવા છે કાંઇ રૂડા
મને ઓરતા જાગે છે ઊંડા ઊંડા... કે સૈ

એક તો આ આયખું અસ્ત્રીની જાત
વળી ગામને છેવાડે જનમ લીધો
હાડછેડ એવી કે લીલુડા પાંદડાએ
ઊકરડે આશરો લીધો
વેઠના વિધાતાએ ચિતરેલા ડામ મારે ભણતરથી ભૂંસવા છે ભૂંડા.... સૈ.

આંગળાંથી આળેખું સતરંગી આભલાં
હાથ મારા કામ થકી ઊજળા
મારે એ આંગળાંથી પકડી કલમ ને હવે
રચવા છે રંગ રૂપ નવલાં
આજે એવાં વાવું કંઇ શમણાં કે વાંભ વાંભ વધતાં રહે એનાં ડૂંડાં.... સૈ.

પૂછવા સવાલ, આખી દુનિયાની સામે
મારે મન મેલી મોકળું ને ગાવું
શીખવા છે નવતર કાંઇ નુસ્ખા એવા
જીતવાને જંગ જિંદગાનીનો અક્ષર થાશે કાલે હથિયાર મારાં રૂડાં... સૈ.

ડિસેમ્બર, 2000

*રચના સંદર્ભ : દલિત સમસ્યા અંગેની કેસેટ 'છેવાડાનું ફળિયું' માટે રચેલું ગીત.*

## ૧૨. છેક છેવાડે

*(દલિત બહેનોનું ગીત)*

સૌની પાછળ અમે, અમે તો છેક છેવાડે... અમે તો છેક છેવાડે.

પગલાં માંહે પગલું અમે તો
પડછાયાની પીડા
આગળ સૌ કો' મૂકે એકડો
અમને કીધાં મીડાં

મંન અમારું પૂછો - જાણો : એકડા કેવા પાડે !... અમે તો.

અમે મર્દનાં જીવનસાથી
સુખ દુઃખનાં સંગાથી
જીવનની આ લડાઈ વચ્ચે
લગામ એની નાથી

કથા અમારી મૂંગી મંતર, બુંગિયો કોણ વગાડે ?... અમે તો.

સરખી સહિયર ટેકો કરશું
દુઃખની ગીતા ગાશું
એકમેકને હામ દઈને
હક્કનું જુદ્ધ લડીશું

નારીની હાકલ એવી કે જગ આખાને જગાડે... અમે તો છેક છેવાડે !

ડિસેમ્બર - 2001

*રચના સંદર્ભ : દલિત વાસ્તવિકતા અને દલિત - સંઘર્ષના હેતુ ઉપર આધારિત શ્રાવ્ય-કેસેટ 'છેવાડાનું ફળિયું'નું એક ગીત.*





# વિભાગ – ૨

# અજવાળાં ઉતારો

# ૧. ઝબાક્ક્ ઉઘડી આંખ

ઝબાક્ક્ ઉઘડી આંખ, શમણું ભાંગ્યું છે
જાગ્યું જો જણ એક, તો ફળિયું જાગ્યું છે

વેઠ - વૈતરાં - ભૂખમરાના ડ્હામ સમાજે દીધા
એથી અદકી આભડછેટ ને અપમાનોયે પીધાં
અમે ઝૂઝ્યાં એકલહાથ, વ્હેણને તાગ્યું છે... ફળિયું.

વસમી છે આ વાટ લડતની, લડ્યા - પડ્યા ને જાણ્યું
અમેય અડધા અંગ સમી અસ્ત્રીનું દુઃખ ના પિછાણ્યું
હવે લડવું છે સંગાથ, દિલમાં લાગ્યું છે.... ફળિયું.

જાગે જે, જગાડે સૌને, ચેતવે એક મશાલ
છેવાડાનું ફળિયું ગાજે : ચાલ, જુદ્ધમાં, ચાલ !
હૈયે હૈયું ચિંગારીથી જુઓને... કેવું દાગ્યું છે.... ફળિયું.

ડિસેમ્બર- 2001

*રચના સંદર્ભ : દલિત અધિકાર માટેની શ્રાવ્ય કેસેટ 'છેવાડાનું ફળિયું' માટેનું એક ગીત ; થોડા ફેરફાર સાથે.*





# ૨. અધિકાર-ગીત

*(ચાંદો ઉગ્યો ચોકમાં.... નો ઢાળ)*

સૂરજ માથે પૂગિયો, ભાયો ! સૂરજ માથે પૂગિયો;
હો ભાયો ! હો બેનો !
આપણે અંધારા શાને વેઠવાં ?... દલિત વીરા !

માથે મેલું નહિ ઊંચકીએ, ઠાલાં વચનો નહિ સાંભળીએ ;
હો ભાયો ! હો બેનો !
કર્તા- હર્તાની આંખો ખોલજો ; દલિત વીરા !
બેનો બાળકોને નર્કમાં નાખ્યાં, અંધારે ડૂબકાં ખવરાવ્યાં ;
હો ભાયો ! હો બેનો !
પ્રતિબંધ મૂકો તો અમલ કરજો મારા સાહેબો !

ખેતમજૂરોના કાયદા જોઈએ, કામના કલાક નક્કી જોઈએ ;
હો ભાયો ! હો બેનો !
લઘુત્તમ વેતન હવે લઈએ દલિત વીરા !
મોટા ખેડૂતોને ઘી ને કેળાં, આપણે ખખડે હાલ્લાં ઠાલાં;
હો ભાયો ! હો બેનો !
સાવકો વહેવાર નહિ સહીએ. મારા સાહેબો !
બારણાં વાસી ઝાંખરાં મેલ્યાં, ગલઢેરાંને રેઢાં મેલ્યાં !
હો ભાયો ! હો બેનો !
શહેરમાં મજૂરી શાને કૂટવી, દલિત વીરા ?!
ઠેર ઠેર હવે નહિ ભટકીએ, ભીખના ટુકડા નહિ રે ખઈએ.
હો ભાયો ! હો બેનો !
ગામમાં રોજીનો હક્ક જોઈએ, મારા સાહેબો !
જમીન આપણી ઝૂંટવી, ઉપર કારખાનાં અડીખમ નંખાયા !
હો ભાયો ! હો બેનો !

કચેરીઓના બ્હેરા કાન ના ખૂલતા, દલિત વીરા !
ખેડે એની જમીન તોયે જમીન નથી આપણી પાસે;
હો ભાયો ! હો બેનો !
કાયદા કેરા ફાયદા કેમ ન મળિયા.... મારા સાહેબો !
કાયદા અત્યાચારના કીધા, અદાલતે ના અમલ કીધા ;
હો ભાયો ! હો બેનો !

ગરીબોને ક્યારે મળ્યો ન્યાય રે, દલિત વીરા !?
ગોલાણા, અણિયાળી, સાંબરડાની, શહિદી એળે જાય રે શાની ?!
હો ભાયો ! હો બેનો !
લોહીથી ખપ્પર તમારાં છલક્યાં....મારા સાહેબો !

સરખી તકો, સરખી રોજી, સરખા હક્કો કેમ ના મળ્યાં ?
હો ભાયો ! હો બેનો !
પંચાયતે માંડ માંડ પોંચ્યા રે દલિત વીરા !
માથું ઊંચકી નિર્ણય લીધા - વાંધા કાઢી ઉતારી રે દીધા ;
હો ભાયો ! હો બેનો !
લોકશાહીનાં કડવાં વખ પીધાં.... મારા સાહેબો !
'મફત શિક્ષણ' નામ છે મોટાં - શાળાનાં તોયે બારણાં છેટાં ;
હો ભાયો ! હો બેનો !
ભાવી પેઢીના કેવા હાલ રે... દલિત વીરા !

યોજનાનાં કાગળિયાં કીધાં; છેતરામણાં સમણાં દીધાં ;
હો ભાયો ! હો બેનો !
કોણ રે પકડશે આવી ચાલ.... રે મારા સાહેબો !
વિધવા, નિરાધારની યોજના; જવાહર રોજગારની યોજના;
હો ભાયો ! હો બેનો !
ભ્રષ્ટાચારના ભોરિંગ ભરખી ખાય રે... દલિત વીરા !
હાથી જેવડાં તંત્રો બેઠાં, પેટ ભરીને લાંચો લેતાં ;





હો ભાયો ! હો બેનો !
અધવચથી નાણાં નાસી જાય રે.... મારા સાહેબો !

ક્યાં લગી એલાં, વાટ્યું જોવી, ક્યાં લગી ચૂપ રે'વું રે એલા !
હો ભાયો ! હો બેનો !
આજ તો અધિકાર લઈને જંપશું, દલિત વીરા !
સત્તાવાળા ! સાંભળી લેજો - કાયદા કીધા - અમલ કરજો !
હો ભાયો ! હો બેનો !
આજ તો ફેંસલો કરીને છોડશું... મારા સાહેબો !

ડિસેમ્બર, 1997

*દલિત રેલી અને મહાસભા માટે.*

# ૩. દલિતોની આઝાદી

સાખી

હે.... વાટ્યું જોતાં વરસો વીત્યાં,
વરસો વેઠ્યાં અત્યાચાર !
આજે સાથ મળીને, સાથી !
ગજવશું કાંઈ ઘા - પોકાર... જી રે ગજવશું.

હે જી.... નાત-જાતના ભેદ ભૂલીને
બધાં ગરીબો ભેળાં થાય ;
સ્વમાન સાથે હક્ક જો મળે તો-
બિરૂદ દલિતનાં સાર્થક થાય... જી રે બિરૂદ.

હે જી.... ટીપે ટીપે દરિયો ભરિયો,
કંકર કંકર કિલ્લો થાય ;
એક એક જણ માથું ઊંચકે -
સ્વરાજ સાચું એ કે'વાય....જી રે સ્વરાજ.

★ ★ ★

આઝાદી આવી વીરા ! આઝાદી આવી
સાથે લોકશાહીને લઇ આવી
એ લોકશાહીને લઇએ વધાવી...
બાબા આંબેડકરે બંધારણ રચિયું, એમાં સાચી સમાનતાની વાણી...
મૂળભૂત હક્કો સૌને સરખા રે વ્હેંચિયા, હવે લાચારી નથી વેઠવાની...
- આઝાદી...

કાયદા થયા ને એના ફાયદા રે મળિયા, હવે ગરીબી નથી સહેવાની
જીવવાના હક્ક, સુખાકારીના હક્ક મળ્યા, રોજગારી સરખી મળવાની....
- આઝાદી...





ભણતરના હક્ક, રોજી-રોટીના હક્ક મળ્યા, હવે સત્તા મળશે ચલવવાની
પંચાયતી રાજમાં અવાજ હશે આપણો, હવે બેનોયે રાજ કરવાની...
- આઝાદી..

અત્યાચાર કરે એને કાયદા બતાડશું, લડત અન્યા' સામે લડવાની
પાંચ પાંચ દાયકામાં પરિવર્તન આવિયું, હજી ક્રાન્તિ બાકી છે કરવાની ...
- આઝાદી...

'97

*રચના સંદર્ભ : 'દલિત-સ્વમાન'ની ઑડિયો કેસેટ 'ઢોલ વગાડો - અજવાળાં ઉતારો' માટે રચેલું ગીત.*

## ૪. સંગઠન

(*ખમ્મા મારા નંદજીના .... નો ઢાળ*)

સર્વે દલિત મળી સાથ
આપણે સંગઠન બનાવીએ....

સાંઠકડી એકલી તો રાંકડી ને બાપડી
ભારો ભેગો કર્યો તો શક્તિ શી સાંપડી
સાંઠિયોથી ભારો બંધાય.... આપણે.

એકલી જો આંગળી તો આંધળી ને પાંગળી
પાંચ મળે આંગળી તો મુઠ્ઠી વળે ફાંકડી
મુઠ્ઠીમાં છુપાયો ઉપાય.... આપણે.

વણકરોય આવશે ને રોહિતોય આવશે
સેનવાય આવશે ને વાલ્મિકીને લાવશે,
બાકી રહ્યા તેય રૂહેશું સાથ.... આપણે.

ભેદ માંહોમાંહેના ભૂંડા ભૂલાવશું
આપણાં જ ભાંડુની ભેર હવે તાણશું
એક થઇને આગેકૂચ થાય.... આપણે.

દુનિયાના દાવપેચ ધૂળમાં મિલાવશું
આપણેય આપણાં શસ્ત્રો સજાવશું
નવતર ઈતિહાસ જો, રચાય.... આપણે.

’97

*રચના સંદર્ભ : દલિત-સંગઠન, માટેની ઑડિયો કેસેટ ‘લાગ્યો લડત કેરો રંગ’ માટે રચેલું ગીત*





## ૫. અજવાળાં ઉતારો

(*રામદે પીરના હેલાનો ઢાળ*)

હે.... ઢોલી ! ઢોલ વગાડો ને અંધારાં ભગાડો
એવાં અજવાળાં ઉતારો
હવે જમાનો બદલાયો કેવો.... જી !
હે.... રજવાડાંયે ગયાં ને લશ્કરોયે ગયાં
પેલા મ્હેલો પડતર થિયા.... હવે જમાનો.
હે.... જમીનદારો ગયા ને ગિરાસદારો ગયા
સાથે શાહૂકારોયે ગયા..... હવે જમાનો.
હે.... ધરમ તણી પૂંછડિયો.... ઓ રે ગઈ કપઈયો
ડૂબ્યાં ડૂબ્યાં રે ધતીંગો.... હવે જમાનો.
હે.... નાતજાતના વાડા ભૂંડા, હવે તો ભૂલાણા
નવા અરથ કૈં સમજાણા..... હવે જમાનો.
હે.... ભૂતડાંયે ભાગ્યાં ને માનતાઓ તૂટી
તૂટ્યાં વ્હેમભરમનાં જાળાં.... હવે જમાનો.
હે.... આઝાદી જો ! આવી ને લોકશાહી લાવી
સંગે અધિકારો લાવી
એવો સમો આ બદલાયો હવે જી....
હે.... કેળવણીયે આવી ને કાયદાઓ આવ્યાં
સાથે નોકરીઓયે લાવ્યા.... એવો સમો આ.
હે.... સંગઠનો આવ્યાં, સાથે વ્યૂહરચના લઇ આવ્યા
નવા સંઘર્ષો છેડાયા..... એવો સમો આ.
હે.... હબશી પરજા જાગી, આદિમ પરજા જાગી,
જગની બેનોયે સૌ જાગી.... એવો સમો આ.
હે.... દલિત વીરા જાગ્યા ને દલિત બેનો જાગી
લગની પરિવર્તનની લાગી.... એવો સમો આ.

(કુંડળિયા)

નવા જમાનાના નવા પડકારો, નવી દુનિયામાં નવા નવા રે સવાલો
નવા ઊકેલ, નવા નવા રે જવાબો,
હવે નવા મારગ, નવી કેડિયો શોધો રે, સાથી !
હવે જમાનો બદલાયો એવો હો.... જી !

હૈયે હિંમત હવે, આંખમાં છે સપનાં
ખૂલ્યા દરવાજા હવે ભાંગી ગઇ ભ્રમણા
સૌનાં અજવાળાં, સુખ સૌને મળે સરખાં
સરખી સત્તા હવે પામશું સાથી.... હવે જમાનો.

'97

*રચના સંદર્ભ : દલિત-સ્વમાનની ઑડિયો-કેસેટ 'ઢોલ વગાડો - અજનવાળાં ઉતારો'નું સમાપન ગીત.*





# વિભાગ – ૩

# સ્વરાજ સૌનું

# ૧. સ્વરાજ સૌનું

દેશ આપણો, રાજ આપણું
ગામ આપણું, રાજ આપણું
સ્વશાસનનો મતલબ છે આ
લોકશાહીનું સાચું શમણું
સૌની સત્તા, સ્વરાજ સૌનું, સાચું સ્વરાજ બસ, એ હો ! (ટેક)

છેવાડાના ખેડૂત માટે,
ગરીબ માટે; બહેનો માટે
અભણ, અપંગ ને શહેરી, ગ્રામીણ
તમામ ધર્મો, કોમો માટે;
સૌની સત્તા, સ્વરાજ સૌનું, સાચું સ્વરાજ બસ, એ હો ! (ટેક)

મૂળભૂત જ્યાં હક્ક હો સૌને; સગવડ પૂરી હો સૌની;
જંગલ, જમીન, જળનો વહીવટ
સત્તા એ પર હો સૌની
સૌની સત્તા, સ્વરાજ સૌનું, સાચું સ્વરાજ બસ, એ હો ! (ટેક)

મતદારોનો મોટો મોભો
મત આપ્યાનો હક્ક તો લીધો
મત આપીને હક્ક ન માગ્યા
મત આપ્યાનો તો મતલબ શો ?
સૌની સત્તા, સ્વરાજ સૌનું, સાચું સ્વરાજ બસ, એ હો ! (ટેક)

સૌને ગામનું હિત જો સૂઝે,
ગામના હિત માટે સૌ ઝૂઝે;
એવા સૌએ હો મતદાર
લોકશાહીનો અર્થ જે બૂઝે





સૌની સત્તા, સ્વરાજ સૌનું, સાચું સ્વરાજ બસ, એ હો ! (ટેક)
ઊંચનીચના ભેદ ના હો
જાતધરમના ઝઘડા ના હો
નર-નારીનો ભેદ છે ખોટો
શોષણ કે અન્યાય ન હો
સૌની સત્તા, સ્વરાજ સૌનું, સાચું સ્વરાજ બસ, એ હો !...

# ૨. ચૂંટણી આવી

( 'સાકરિયા શેલડી' - ઉપરથી)

પંચાયત ચૂંટણી આવી રે, સાથી મારા !
પંચાયત ચૂંટણી આવી, હો !
સત્તા આપણી લાવી રે, સાથી મારા !
સાચું સ્વરાજ એ તો લાવી, હો !

આપણા ગામમાં આપણું જ રાજ હોય
સૌની સુખાકારી, સૌનો અધિકાર હોય
એવા એવા મોકા લાવી રે, સાથી મારા !
પંચાયત ચૂંટણી આવી.... હો !

ચૂંટણીની માહિતી ક્યાંથી મળે, રે મને ?
ક્યાં જઇને - કોને પૂછવું રે હો ?

માહિતી કેન્દ્રો ને સ્વૈચ્છિક સંસ્થાઓમાં
કાર્યકર્તાને જઇને પૂછવું રે.... હો !
મતદારની યાદી ને ઉમેદવારીનાં ફોરમ
પંચાયતની ઓફિસમાંથી મળશે રે હો !
માહિતી આપશે ચકાસણીયે કરશે
ચૂંટણી અધિકારી સમજાવશે રે.... હો ! પંચાયત ચૂંટણી.

ચૂંટણીનો ડર શાનો ?
સત્તાની બીક કેમ ?
ડાર્યા ડરીશું નહીં
મૂંગાં, વેઠીશું નહીં
સત્તામાં સૌની ભાગીદારી... હો ! પંચાયત ચૂંટણી.

આંખ રાખો ખુલ્લી





ને હૈયું સાબૂત હોય
ચોખ્ખી હો સમજણ
ને નિર્ણય મજબૂત હોય
નાગરિકની છે જવાબદારી... હો ! પંચાયતની ચૂંટણી.
આપવાનો હક્ક છે
ને લેવાનો લ્હાવો છે
એકએક જણને અહિ
સત્તામાં દાવો છે
દલિતો ને બેનોની તૈયારી.... હો ! પંચાયતોની ચૂંટણી.

ચાલો ને ચૂંટણીને સફળ બનાવવા
મત રૂડા આપવા ને ઉમેદવારી કરવા
હક્ક ને ફરજની કહાણી.... હો સાથી મારા !
પંચાયત ચૂંટણી આવી હો !

## ૩. સ્વશાસન અને સ્ત્રીઓ

(કવ્વાલી)

સ્ત્રીઓ - અમે ગ્રામસભામાં હવે તો જવાનાં - જવાનાં - જવાનાં !

પુરુષો - તમે તો અબૂધ ને અબળા; જઇને શું કહેવાનાં - કહેવાનાં ?

સ્ત્રીઓ - અમે કહીશું - અબળા નથી અમે કાંઇ
અમે લોકશાહીનાં હકદાર, ભાઇ !
અમે ગામના પ્રશ્નોમાં રસ લઇશું;
અમે ગામને સુખી - સધ્ધર કરીશું
હવે બીક છોડીને સાચી વાતો કહેવાનાં - કહેવાનાં .... અમે.

પુરુષો - ક્યાંથી જવાનાં તમે ? ને જઇને શું કરવાનાં - કરવાનાં ?

સ્ત્રીઓ - અમે લાજ - ઘૂંઘટના પર્દા ચિરીશું
અમે ખોટી શરમે હવે ના મરીશું
અમે અડધી દુનિયા, ને દુનિયાની ઇજ્જત
અમે સ્વચ્છ વહીવટનો આગ્રહ કરીશું
બધા ભેદભાવ ભૂંસીને, આગળ થવાનાં થવાનાં .... અમે.





## ૪. સ્વશાસન અને આદિવાસીઓ

આદિવાસી રે અમે આદિવાસી રે
ગ્રામસભા અમ્મારી આગવી રે....

અલગ છે સંસ્કૃતિ ને જીવન અલગ છે
ન્યાય ને નિવેડાની રસ્મો અલગ છે
કુદરતનાં બાળ : શ્રદ્ધા-ધરમ અલગ છે
વહીવટની રીત જોયેં આગવી રે.... ગ્રામસભા.

ગામ દીઠ અલગ અલગ ગ્રામસભા થાશે
રોજી અપાવશે ને ઝઘડા નિવારશે
યોજનાઓ ઘડશે ને મંજૂર પણ કરશે
એની મ્હૉર પંચાયતે માંગવી રે... ગ્રામસભા.

જંગલ-જમીન ને પેદાશો જંગલની
પાણી - ખનીજ ને સહકારી મંડળની
હાટ ને બજાર વળી સ્વાસ્થ્ય અને શિક્ષણની
સત્તા અમને જોયેં આગવી રે.... ગ્રામસભા.

# ૫. સ્વશાસન અને દલિતો

*(લોકભજનનો ઢાળ)*

(કોરસ)
ચાલો, ચાલો, રે દલિતો !
આજે ગ્રામસભા મળવાની !
ગ્રામસભા મળવાની;
સત્તા સરખી સાંપડવાની.... ચાલો.

આજ સુધી તો છેટાં રાખ્યાં
આજે સાથે બેસીશું;
આજ સુધી તો મૂંગાં રાખ્યાં
આજ સવાલો પૂછીશું !
ગામ અમારું - અમે ગામનાં.... આજ કસોટી થવાની.... ચાલો.

વેઠ-વૈતરાં બહુયે કીધાં
હવે ગામનો વહીવટ કરશું;
થોડું ભણિયાં - ઝાઝું જાણશું
જાણીને આગળ વધશું !
ગ્રામસભામાં હક્ક આપણો... વાત ખરી જે -કરવાની... ચાલો.





# ૬. સ્વશાસનમાં ગ્રામસભા

ગ્રામસભા, ભૈ ગ્રામસભા
સૌને માટે આમ-સભા
ગ્રામસભા દર્પણ છે એવું
દેખાડે જેવું છે તેવું !
સૌનું હિત ને હિસાબ ચોખ્ખા
સૌનો હક્ક - લાગે તે કહેવું.... ગ્રામસભા.

ગામમાં જે જે હો મતદાર
ગ્રામસભા એનો અધિકાર
સરપંચ હો કે સભ્ય હો - સૌએ
ગ્રામસભાને જવાબદાર.... ગ્રામસભા.

ગ્રામસભા છે એવો મંચ
ચાલે ના અહીં કોઇ પ્રપંચ
વિકાસનાં સૌ ભાગીદાર
નર ને નારી, રાય ને રંક.... ગ્રામસભા.

ગામ આપણું - રાજ આપણું
ગ્રામસભાનું કાજ આપણું
સ્વશાસનનું પહેલું પગલું
સાચું અહીં જ સ્વરાજ આપણું.... ગ્રામસભા.

★ *'સ્વશાસન' ઑડિયો કેસેટ શ્રેણી -૧, ૨ નાં ગીતો : ૨૦૦૧.*

# ૭. સહિયારું સપનું

(આપણું બંધારણ)

એક સપનું છે સહિયારું
આ બંધારણ છે ન્યારું

સૌનું છે ને સૌને માટે સરજાયું છે
લોકશાહીનું એક ઉખાણું સમજાયું છે
છે સૌનું હિત જોનારું
આ સપનું છે સિહાયરું

સ્વતંત્રતાના નવતર યુગનું સાહસ એ તો
માનવતા ને એકતાનો સંદેશ છે એ તો

પ્રગતિનું ગીત છે પ્યારું
આ બંધારણ છે ન્યારું

નાત-જાત ને નર-નારી અહીં સમાન સૌએ
અભણ-ભણેલાં, અમિર-ગરીબના ભેદ ન હોયે

એ સૌને સાંકળનારું
આ તો સપનું છે સહિયારું

સર્વ ધર્મ અહી સમાન છે ને સૌએ સાચા
વિધ વિધ છે અહીં રીત-રિવાજો, રંગ છે ઝાઝા

એની ખૂબીઓ જળવનારું
આ બંધારણ છે ન્યારું

પ્રજાતંત્રનો પ્રહરિ એ, છે સ્વતંત્રતાનો સાર
એના ઘડવૈયા કેવા ભાવિના દેખણહાર





એવું બંધારણ આ ન્યારું
એ તો સપનું છે સહિયારું

ઑક્ટોબર/નવેમ્બર-૨૦૦૨

*રચના સંદર્ભ : ડિસેમ્બર - ૨૦૦૨ની ચૂંટણી ગુજરાતને માટે ને તેથી કરીને દેશ આખાયને માટે નિર્ણાયક હતી. ભા. જ. પ. જેવા કટ્ટરવાદી રાષ્ટ્રીયતાનો એજન્ડા ધરાવતા પક્ષને સત્તા ભોગવવા દેવી એનો અર્થ એ કે પ્રજાસત્તાક ભારતના બંધારણને લાચાર બનતું જોવું ! આ ચૂંટણીમાં ભા. જ. પ. ને મત ન આપીને સૌથી પહેલું કામ કરવાનું તે બંધારમ બચાવવાનું, બંધારણ જાળવવાનું ને બંધારણના સ્વતંત્રતા-સમાનતા ને બંધુતાના ખયાલોને દૃઢ બનાવવાનું હતું.*
*ગુજરાતના કર્મશીલો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ મળીને લોકજાગૃતિ અને લોકશિક્ષણ માટે બે ઑડિયોકેસેટ્સ તૈયાર કરી; તેને માટે આ ગીત રચાયું.*

## ૮. સપનાંનો ભંગાર

સપનું તો ભૈ, સપનું છે - હા ભૈ હા રે ! હા ભૈ હા રે !
સદાય સાચું પડતું છે - ના ભૈ ના રે ! ના ભૈ ના રે !

સપનાંનો ભંગાર છે આજે
જૂઠાણાં ધરાર છે આજે
રોપ્યાં સપનાં, રોળી નાખ્યાં
ભ્રષ્ટાચારનો ભાર છે આજે
બંધારણ લાચાર છે આજે.

અરે ! આ તો રીત પુરાણી છે
સદીઓ જૂની કહાણી છે
લે છે ફક્ત એ એક જ હાથે
હજાર હાથે લૂંટાણી છે
જનતા સદા લૂંટાણી છે - હા ભૈ હા રે ! હા ભૈ હા રે !

હક આપ્યા ને પછી છૂપાવ્યા
અભણ અને ઓશિંગણ રાખ્યા
જાતજાતના વાડા બાંધ્યા
વાડા જેમના તેમ જ રાખ્યા
લોકોને અંધારે રાખ્યા - હા ભૈ હા રે ! હા ભૈ હા રે !

વિવિધ રંગ છિનવાયા છે
હિંમતના હોઠ સિવાયા છે
શાંતિ ક્યાં છે ? સ્વમાન ક્યાં છે ?
માહેમાંહે ટકરાયા છે
આ સપનાં એમ ઘવાયાં છે - હા ભૈ હા રે ! હા ભૈ હા રે !

*રચના સંદર્ભ : ચૂંટણી અંગે લોકજાગૃતિ અને લોકશિક્ષણની ઑડિયોકેસેટ "મત એટલે તમે"નું આ નાટ્યાત્મક ગીત બંધારણની વાસ્તવિકતા પ્રગટ કરે છે.*





# વિભાગ – ૪
# મશાલ ગીતો

## ૧. નવા કચ્છનું શમણું

કચ્છ અસાંજો - કચ્છ અસાંજો
કચ્છ અસાંજો - વતન છે પાંજો
છે ગુજરાતનો પચ્છમ છેડો - (૨)
ફરતો છે દરિયાકાંઠો... કચ્છ અસાંજો.

ધીંગા માડું, ધીંગી ધરતી
હચમચતી પણ કદી ન મરતી
વેઠી આફત, વિપદા ખમતી - (૨)
એનો છે ઈતિહાસ નિરાળો... કચ્છ અસાંજો.

છવ્વીસમી એ જાન્યુઆરી
કચ્છને માથે થઈ ગોઝારી
દેખતી રહી ગઈ દુનિયા સારી - (૨)
કુદરતનો કરપીણ તમાશો... કચ્છ અસાંજો.

- પણ -

ગુમાવિયું તે તો સૌ ગયું
હવે બચ્યું એ સૌનું થયું
એવું નવનિર્માણ કરીશું - (૨)
કચ્છનો હો ચ્હેરો ઉજળો... કચ્છ અસાંજો.

ઊંચનીચના ભેદ ભુલાય
સૌએ સાથે ભેગાં થાય
કાલનું સપનું સૌનું સપનું - (૨)
સૌનાં હૈયાં હરખાજો... કચ્છ અસાંજો.

26 જાન્યુઆરી, 2001

*રચના સંદર્ભ : કચ્છના ભૂકંપ પછી, ત્યાંના ગ્રામવાસીઓના 'લોક અધિકાર મંચ' માટે રચેલાં ૯ ગીતો. જેમાંનાં ૮ ગીતોનો ભૂકંપના એક વર્ષ પછી તૈયાર કરેલી ઓડિયો કેસેટ - 'મશાલ લઈને, મશાલ લઈને' માં સમાવેશ કરવામાં આવ્યો છે.*





## ૨. જવાબદારી

એ જવાબદારી કોની? એ જવાબદારી કોની?
ગામની બહેનો, સૌની બહેનો, કચ્છ આખાની બહેનો (૨)
રીતરિવાજથી બંધાયેલી, મૂંગી વિધવા બહેનો (૨)
એ બહેનોને ટેકો આપી બેઠી છે કરવાની ... એ જવાબદારી કોની?

નાનાં નાનાં મા વિહોણાં - બાપ વિહોણાં બાળ
આખા કચ્છમાં એવાં બાળ
હેત વછોયાં, પ્રીત વછોયાં; કોણ લેશે સંભાળ?
એની કોણ લેશે સંભાળ?
હવે નવેસરથી એ સૌને જિંદગી છે દેવાની... એ જવાબદારી કોની?

હાથ વિહોણાં, પગ વિહોણાં ભટકે એવા લોક;
કેવાં અંગ વિહોણાં લોક?
ગઈ કાલે જે મહેનત કરતાં, ઘેર બેઠાં એ લોક!
જોને, ભૂખે મરે એ લોક!
એ લોકને માન દઈને, હિંમત છે દેવાની... એ જવાબદારી કોની?

નવા કચ્છનો નકશો એવો, નવસમાજનો સાર;
સાથી! નવા સમાજનો સાર
સમાનતા હો, સૌને ન્યાય હો, સૌના હો અધિકાર;
સાથી! સૌને મળે અધિકાર.
સૌનાં સપનાં સાચાં હો - એ જવાબદારી કોની?

## ૩. ખીલ્યાં છે ફૂલ

ખીલ્યાં છે ફૂલ, ખીલ્યાં છે ફૂલ
આપણી આ ધરતી પર ખીલ્યાં છે ફૂલ.
નાનેરાં બાળ, એનું જીવન હસતું રમતું
ધ્રૂજી ધરતી ને થયું ભોંયભેગું આયખું
ભાવિનાં શમણાં કેવાં પળમાં થયાં ધૂળ... આપણી.

રમતાં જે હાથ; આજ ખાલી ને ભાંગેલા
ખેલંતાં પાય ; આજ આથડે છે થાકેલા
કૂણાં કૂણાં કાળજામાં પીડાની શૂળ... આપણી.
કોણ એને સંભાળે, કોણ એનું જતન કરે ?
કોણ એનાં ખાલીખમ્મ ખિસ્સે ખજાનો ભરે ?
કોણ એનાં કરશે નવેસરથી મૂલ... આપણી.

રમતાં જો બાળ; નવો કચ્છ કેવો થનગનશે
હસતાં થશે તો કચ્છ આખો રૂમઝૂમ થશે
બાળકોની ખુશીમાં તો દુનિયા છે ડૂલ... આપણી આ ધરતી પર.





## ૪. વૃદ્ધોની આપવિતી

ડગમગ ડગમગ ચાલતી જિંદગી
ભોંય પડી પટકાણી
શ્વાસ ન ખૂટ્યા, આંસુ ખૂટ્યાં
કેવી અધૂરી કહાણી !
તરણું તરણું કરતાં કરતાં
કેવા આ માળા ગૂંથ્યા
પેટે બાંધી પાટા કેવા
ઘરના ખાડા પૂર્યા
પળભરમાં એ હતું -ના હતું ને નજરું કેવી અટવાણી ?- શ્વાસ ન...
જબ્બર ગબરુ બેટા ખોયા
ખોઈ વ્હાલી વહુવારૂ
દિલનાં દિલાસા પોતરાં ખોયા
છતે દિવે અંધારું
એકલવાયી, પાંગળી હાલત ; કોયે ના પીછાણી - શ્વાસ ન...
કાલ સુધી હતાં ઘરનાં મોભી
અમે છાપરાં, છાયા
છો ને ભાંગ્યાં ઘરખોરડાં તોયે
મનમાં હજી એની માયા
હૈયાંની હામે જીવતર-કેડી પાર હવે કરવાની - શ્વાસ ન...
કોણ સુણે ફરિયાદ અમારી
રાવ કહો કોને કરશું
કોણ રે ટેકો આપે અમને
કોનો ભરોસો કરશું
સરગ-નરકની વાતો શી કરવી; સાચી આપકહાણી - શ્વાસ ન...

# ૫. કેમ નથી બદલાતું ?

કેમ નથી હચમચતું, તૂટતું, કડડભૂસ્સ ના થાતું
જીવતર જૂનું-જીરણ, જૂઠું; કેમ નથી બદલાતું.

ધરતી જેવી માયે કંપી
અવિચળ છતાંય ધ્રૂજી
આફતનું અહિં આભ જ ફાટ્યું
દયા ન કો'યે બૂઝી

પળભરમાં તો ભોંયભેગું સૌ, તોય ન કંઈ સમજાતું ?!
હજીયે કેમ નથી બદલાતું ?!

કહે છે નવનિર્માણ કરે છે !
નવાં નગર એ બાંધે...
માણસ માણસ વચ્ચેની જે તિરાડ
કોઈ નવ સાંધે !

જૂના પાયા, જૂના નકશા... નવું શું અહીં સરજાતું ?!
કેમ ન કૈં બદલાતું ?!

મારી અંદર ઉથ્થલપાથ્થલ
ચાલે કંઈક સદીથી
કાંઠા તોડું, ધમરોળી દઉં
શીખું કંઈક નદીથી

અમળાતો, ધૂમળાતો અંદર, તડતડ કંઈક ઘૂંઘવાતું !
તોય ન કંઈ બદલાતું ?!

એવોયે ઈતિહાસ સુણ્યો
કે માણસજાત લડે છે
ઉથલાવે છે જુલ્મની સત્તા
અગનની ઝાળ બને છે





ક્રાન્તિનો લલકાર ઉઠે છે; કેમ બધું વિસરાતું ?!
ક્યારે- આ બદલાતું ?!

સમાજ રહે છે સતત બદલાતો.. બધુંય બદલાવાનું
જો કરવાનું હોય કશું તો મારે એ કરવાનું.
એવું નડતર શું છે મનને ? કેમ ન તત્પર થાતું ?!
કહોને- ક્યારે સૌ બદલાતું ?!

## ૬. આ તે કેવી છે, ભાઈ ! લોકશાહી !

લોકશાહી... લોકશાહી
આ તે કેવી છે ભાઈ ! લોકશાહી ?

લોકોને માટે યોજના ઘડાય છે
વાયદા વહેંચાય છે ને વચનો અપાય છે
મળવા ટાણે જ બધી મારામારી... આ તે કેવી ?

લોકોને કાંઈ અહીં પૂછતું ન કોઈ
લોકોની જરૂરતો જાણતું ન કોઈ
લોક સુધી પ્હોંચવાની નથી બારી... આ તે કેવી ?

ખાલીખમ્મ ખિસ્સાં ને છલકે બજારો
ગરીબનો ઘરખૂણો ખાલી, અંધારો
મહેનતુને કેમ આવી લાચારી... આ તે કેવી?

આ બાજુ લોક છે ને એ બાજુ સત્તા
લોકો તો ચૂંટણીની બાજીનાં પત્તાં
સત્તામાં લોકની ના ભાગીદારી... આ તે કેવી?

બંધારણ મસમોટો ચોપડો પૂજાય છે
કાયદાના ફાયદા કોને અહીં થાય છે ?
આઝાદીની આ તે કેવી બલિહારી!. આ તે કેવી?





## ૭. કોનાં અમે બાળ ?

પૂછશો મા, પૂછશો મા !
કોનાં અમે બાળ... તમે પૂછશો મા !
છોડશો મા, તરછોડશો મા !
એકલાં અટૂલાં અમને છોડશો મા !

માએ પંપાળ્યો' તો હાથ મીઠો માથે
બાપુની બચ્ચી હજી ચમકે છે ગાલે
અધૂરાં છે હેત ; તમે ભૂલશો મા ! - પૂછશો.

માથે નથી છાપરું કે સાથે નથી છાંયો
પેટમાં ન દાણો ને કંઠ ના ભિંજાયો
અભણ,અજ્ઞાન અમને રાખશો મા ! - પૂછશો.

ગઈ કાલે કારમો કાળ હતો ; વીતી ગયો
આવનારી કાલની બાજી આવો, જીતી લ્યો
અમારા ભાવીને ભૂલશો મા ! - પૂછશો.

કોઈનાં છો બાળ અમે; કેમ નહિ સૌનાં
ચાંપી લ્યો છાતીએ ને ભિડી લ્યો બાથમાં
આ નાનકડાં હૈયાંને ભાંગશો મા ! - પૂછશો.

## ૮. પ્રેમનો આધાર

બોલો - બોલો
માણમને શું જોઈએ ?
બોલો બોલો...

એક જોયે રોટલો ને પછી જોયે ઓટલો
થોડાં જોયે કપડાં ને જોડે જોયે રૂપિયો
ને એની સાથે ?
એની સાથે માણસને માન જોઈએ, સન્માન જોઈએ.
બોલો - બોલો...

કૈંક જોયે ભણતર ને કૈંક તો ઘડતર જોયે
તન તંદુરસ્દત ને મન ખુશખુશાલ જોયે
પણ એની પહેલાં ?
એની પહેલાં એને સ્વમાન જોઈએ... સ્વમાન જોઈએ
બોલો - બોલો...

દુનિયા આખીનો ખજાનો શા કામનો ?
મલક આખાનું રાજપાટ શા કામનું ?
એને તો ભૈ,
એને તો ભૈ, હેત ને વ્હાલ જોઈએ
આશા, હિંમત ને થોડી હૂંફ જોઈએ
માણસને પ્રેમનો આધાર જોઈએ... આધાર જોઈએ
બોલો... બોલો....





## ૯. મારા ગામના લોકો

મશાલ લઈને, મશાલ લઈને, મશાલ લઈને.... હો - હો !
નીકળી પડ્યા છે, નીકળી પડ્યા છે : મારા ગામના લોકો..
હો - હો મારા ગામના લોકો...
હા - હા મારા ગામના લોકો.
અંધારું છે, અંધારું છે, અંધારું છે.... હો - હો
કાળમુખો અંધાર જીતવા નીકળી પડ્યા છે લોકો
હો-હો મારા ગામના લોકો...
હા - હા મારા ગામના લોકો.
કંકર- પથ્થર - રજકણ ઉઠે
જંગલ - ઝાડી-પરવત ઉઠે
ઉઠે નદી - સમંદર ઉઠે
કુદરત સાથે કદમ મિલાવી - કદમ મિલાવી હો - હો
નીકળી પડ્યા છે, નીકળી પડ્યા છે ; મારા ગામના લોકો... હો હો મારા..હા હા
બુલંદ કંઠે ગીત ગુંજતાં
મુઠ્ઠી વિંઝતાં, કદી ન ડરતાં
વાદળ સંગે વાતો કરતાં
ફાળ ભરંતા, પાંખ વિઝતાં, આભ આંબતાં લોકો
નીકળી પડ્યા છે, નીકળી પડ્યા છે! મારા ગામના લોકો.. હો હો..મારા..હા હા
સૌને માટે સુખની ખોજમાં
સહિયારા સૂરજની ખોજમાં
જીવનના મતલબની ખોજમાં
સંગ મળીને, જગને બદલવા છેવાડાના લોકો
નીકળી પડ્યા છે, નીકળી પડ્યા છે! મારા ગામના લોકો..હો હો.. મારા..હા હા
રોજી સૌને, રોટી સૌને
મકાન સૌને, નિશાળ સૌને
સ્વમાન સૌને, માન હો સૌને

સૌની હો સત્તા એવું રાજ સ્થાપવા લોકો
નીકળી પડ્યા છે, નીકળી પડ્યા છે! મારા ગામના લોકો.. હો હો મારા.. હા હા.
હવે ન ઝુકશે કોઈ માથાં
ભલે લોહીથી પથ રંગાતા
ભલે મોતના પવન સૂસવતા
આગળ ધપતા, આગળ ધપતા, આગળ ધપતા લોકો
કાળમુખો અંધાર જીતવા નીકળી પડ્યા છે લોકો
હો હો મારા ગામના લોકો
હા હા મારા ગામના લોકો...





# વિભાગ – ૫

# અમદાવાદ ! અમદાવાદ !

# ૧. સાયકલ મારી સરરર જાય

*(શહેરી પ્રદૂષણ અંગેનું નવું બાળગીત)*

(૧)

સાયકલ મારી સરરરર જાય,
ટ્રીન ટ્રીન ટોકરી વગાડતી જાય !
ડાબી બાજુ સાબુ બનતા, જમણે અગરબત્તી;
ધમ્મ ધમ્મ લોઢું ટીપે, આગળ આવે ભઠ્ઠી !
વળાંક પર ત્યાં રંગરસાયણનું કારખાનું આવે ;
નાક દબાવે મારી સાયકલ, દોટ મૂકીને ભાગે !
કચરાના ઢગલા, ને ઘેરી વળતાં ગંદાં પાણી;
મારી સાયકલ હવે ખરેખર લાગે છે મૂંઝાણી !
ભાગંભાગ કરતી જાય,
મારી સાયકલ હાંફી જાય !... સાયકલ મારી...

એની આગળ સ્કૂટર જાય, એની આગળ મોટર જાય;
રિક્ષા જાય, ખટારા જાય; મોટાં મોટાં ટ્રેક્ટર જાય;
રસ્તા પર ધુમાડા થાય,
મારી સાયકલ ખાંસી ખાય !... સાયકલ મારી....

રસ્તાની બંને બાજુએ, ધૂળ-ધૂમાડો-કંકર-રજકણ;
નાક-કાનમાં ઘૂસી જાય, આંખે લ્હાય-બળતરા થાય;
નિશાળ આવે ત્યાં સુધીમાં આંખો બળતી, માથું દુઃખતું;
સાહેબ જે કાંઇ શીખવાડે તે શીખવાનું પણ મન ના થાય,
મારી સાયકલ થાકી જાય !... સાયકલ મારી....





(૨)

આવું કેમ ?... આવું કેમ ?
ક્યાં સુધી રહેવાનું ? એમ ને એમ ?... આવું કેમ ?...

મારું ચાલે ત્યાં 'કાળુ'*ને કદીયે મરવા ના દઉં,
મારું ચાલે તો મિલોને ઝાંપે તાળાં દઇ દઉં,
મારું ચાલે તો ફેક્ટરીઓ ગામની બ્હાર તગેડું,

મારું ચાલે તો ભૂંગળાંને મોઢે ડૂચા દઇ દઉં !...આવું કેમ ?...
મારું ચાલે તો ગંદા નાળાંને સૂક્કાંભઠ્ઠ કરી દઉં,
ધૂળ-ધૂમાડાને મુઠ્ઠીમાં પૂરી દઇને ગુમ્મ કરી દઉં,
ગરબડ, ગંદકી, શોરબકોરને આપી દઉં હું દેશવટો,
ગળણી બાંધુ ચીમની ઉપ્પર, ચીમની ઊંચી તાડ કરી દઉં !... આવું કેમ ?...

(૩)

સાયકલ મારી સરરર જાય;
સવાલ કંઇ કંઇ કરતી જાય !
પણ એનાથી શું વળશે ?
કેટલાં
કેટલા 'કાળુ' મરતાં બચશે ?
ફેક્ટરીઓ જો બંધ થશે તો સૌની રોજી-રોટી ટળશે,
બંધ થશે જો કારખાનાં તો રંગ,દવાઓ ક્યાંથી મળશે ?
કપડાં-લત્તાં, ઘરવખરી ને વાહન-સાધન ક્યાંથી મળશે ?
કોઇ નવો રસ્તો શોધીને ઉપાય આનો કરવો પડશે;
જળ-જમીન ને હવા બચાવ્વા નવી જ રીતો શોધવી પડશે !
ઉદ્યોગોને સફાઇના કંઇ નવા પાઠ શીખવવા પડશે;
ગંદું પાણી દૂર છોડવા, નવી જ નીકો કરવી પડશે !

ધૂળ-ધૂમાડો, શોરબકોરને વસ્તીથી દૂર કરવા પડશે;
રૂપિયાની સાથે સાથે, જીવનનું મૂલ્ય સમજવું પડશે !
સાયકલ મારી સરરર જાય,
અવનવી વાતો કરતી જાય !

(૪)

શું શું કરશું ? શું શું તજશું ?
શરૂઆત અહીં કોણ જ કરશે ?
જીવવાનો અધિકાર બધાંનો,
વાત આટલી કોણ સમજશે ?
હવા બધાંની, પાણી સૌનું, જમીન પણ છે આપણ સૌની,
એની જાળવણી સૌ કરશું, સંપત્તિ છે આપણ સૌની !
સાયકલ મારી સરરર જાય,
સાચી વાતો ક્હેતી જાય !

*રચના સંદર્ભ : 'દર્શન' (અમદાવાદ) દ્વારા તૈયાર કરાયેલ 'સાયકલ મારી સરરર જાય' (નાટક) ઑડિયો કેસેટ માટે લખાયેલ ગીત. આ નાટક અને ગીત અમદાવાદની શ્રમજીવી વિસ્તારની મ્યુનિસિપલ શાળાઓમાં અભ્યાસ કરતાં ધો. ૫-૬-૭ નાં કિશોર-કિશોરીઓ સાથેની ચર્ચાઓના આધારે સર્જાયાં હતાં*

** કાળુ - નાટકમાં આવતું શ્રમજીવી પરિવારના કિશોરનું પાત્ર, જે પ્રદૂષણને કારણે ગંભીર બિમારીમાં પટકાઈ મૃત્યુ પામે છે.*





# ૨. અમન - ગીત

*('હમ હોંગે કામયાબ'ની ધૂન)*

અમે આવ્યાં અમન - પથિક, અમે આવ્યાં અમન - પથિક
અમે આવ્યાં અમન-પથિક તમારી પાસ.... હો - હો - હો...
દિલમાં લઈને આશ, હિંમત ને વિશ્વાસ
અમે આવ્યાં અમન-પથિક તમારી પાસ.

લૂંછીને સૌની આંખનાં આંસુ, સપનાં નવજીવનનાં દૈશું
અમે ગાશું પ્રેમનાં ગીત તમારી સાથ... હો - હો - હો....
દિલમાં લઈને આશ, હિંમત ને વિશ્વાસ.... અમે આવ્યાં.

સૌને શાંતિ, સૌને ન્યાય; રોજી-રોટી ઘરની છાંય
સૌને સલામતી મળી જાય એ નિરધાર.... હો - હો - હો....
દિલમાં લઈને આશ, હિંમત ને વિશ્વાસ.... અમે આવ્યાં.

સૌની મહેનતથી આબાદ, આપણ સૌનું અમદાવાદ
સોનો સહિયારો છે દેશ આ વિશાળ.... હો- હો - હો...
નવો હશે સમાજ, સૌનો હશે સમાજ
દિલમાં બસ એક આશ ને વિશ્વાસ !
અમે આવ્યાં અમન - પથિક તમારી પાસ....

એપ્રિલ, 2002

*રચના સંદર્ભ : ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના માનવસંહાર પછી, કેટલાંક સ્વૈચ્છિક સંગઠનોએ અમદાવાદમાં 'અમન-સમુદાય'ની રચના કરી. જેનાં સ્વયંસેવકો - 'અમન-પથિકો' અસરગ્રસ્તોની સાથે રહીને, એમના પ્રશ્નો હલ કરવા સક્રિય થયાં તે નિમિત્તે રચેલું સંઘગાન.*

## ૩. શ્હેરની આ સડકો

શ્હેરની આ સડકો ઉપર ઘટનાઓનો ભડકો
થોડા છાંટા, થોડી છાયા; કડવો તીખો તડકો .... શ્હેરની.

શ્હેરની આ સડકો ઉપર અથડાતા લોકો, અટવાતા લોકો
સાવ સીધા સાદા તોયે સપડાતા લોકો, બદલાતા લોકો
અણજાણ્યા કો આટાપાટા રમાડતી સડકો .... શ્હેરની.

અંધારામાં આથડતા ને અજવાળે અંજાતા
ભીતરની વણ કથી પિડાથી પળપળ એ પિંજાતા
કર્યો ભરોસો એ જ ભીંતના ભાંગ્યાંનો છે ફડકો ... શ્હેરની.

પંડનો પરસેવો વેચી રોટી રળતા લોકો, તોયે ભૂખે મરતા લોકો
એકમેકના ટાંકે-ટેભે ટકી જનારા લોકો, ઉઝરડાતા લોકો
કોણ : કહોને, રોકે એમના ડરનો થર્ થર્ થડકો ... શ્હેરની.

કોઇ ખેંચતું દોરી અહિયા પરવશ એ ખેંચાતા
માંહ્યલો મેલી વેગળો અહિંયા હરદમ એ વેચાતા
કાચનાં છે વાસણ; એને હળવે હળવે અડકો ... શ્હેરની.

અગડંબગડં ઓળખથી 'એ' સતત રહે ગરવાતા
સાચનો ધરીએ કાચ તોયે હવે નથી શરમાતા
લોકશાહીના નામે 'કેવાં' રમતા અડકો-દડકો ... શ્હેરની.

ઑક્ટોબર 2002.

*રચના સંદર્ભ : ૨૦૦૨-ડિસેમ્બરની, ગુજરાત માટે કસોટીસમી અને દેશ માટે કંઇક નિર્ણાયક ગણાય એવી ચૂંટણી સમયે તૈયાર કરેલી ઑડિયોકેસેટ "મત એટલે તમે ને તમે એટલે મત"ના શહેરી વિસ્તાર માટેના ભાગ માટે લખેલું ગીત.*





## ૪. હર બાર કિસી ભી દંગે મેં

હર બાર કિસી ભી દંગે મેં
હમ ઔરત હી બેઇઝ્ઝત ક્યોં ?
યહ નફરત ક્યોં ? યહ ઝિલ્લત[1] ક્યોં ?
યહ દહશત[2] ક્યોં ? યહ વહશત[3] ક્યોં ?

યહ રઝિયા, લક્ષ્મી, મરિયમ, સિમરન, નૂર કી બેટી પૂછતી હૈ
રોઝા કી સાથિન પૂછતી હૈ, હાન્ના કી બહનેં પૂછતી હૈ
કૌસર કી બેટી પૂછતી હૈ - કાતિલ કી ઇતની ઝુર્રત[4] ક્યોં ?

ક્યોં સાલો અપને બીચ ઉન્હેં
બન્દૂક કો બોને દિયા હમનેં
સદિયોં સે કલિયાં નોંચ રહે
નાખૂન કો બઢને દિયા હમનેં
હિટલર કે ઝમાને ફિરસે ક્યોં ? નસલોં[5] કે નામ પે નફરત ક્યોં ?

ચુલ્હે ન જલે, ઘર જલા દિયે
પાની ન મિલા, દિલ ડૂબો દિયે
ઇન ઝુલ્મ કે ઠેકેદારોં કે હાથોં મેં નબ્જે-સિયાસત[6] ક્યોં ?

રિશ્તોં કે આઇને ટૂટ ગયે
શીશોં કી દરારેં ચીખ ઊઠીં
[7]લફ્ઝોં કે માયને છૂટ ગયે
હોઠોં કી [8]બિવાઇ રીસ ઊઠીં
માસૂમ ગુલાબી સપનોં કે દમ ઘોટનેવાલી હરકત ક્યોં ?

હમસે તો રહા ના જાયેગા ઇસ ખૂન સે લથપથ દુનિયા મેં
હમસે તો સહા ના જાયેગા યહ ઝોરો-ઝબર[9] ઇસ દુનિયા મેં
યહ ખેલ હૈ આદમખોરી[10] કા, ફિર ઉસમેં અપની શિરકત[11] ક્યોં ?

હું ઇચ્છું છું કે મારી કવિતામાં માણસજાતની સાથે સંકળાયેલી દરેક ચીજ હોય. હું ઇચ્છું છું કે એમાં લોકોની પીડા, દુઃખ, આક્રોશ, આનંદ અને આશાનો સૂર સંભળાવો જોઈએ. મારા ભાવકોને પોતાના પ્રત્યેક અનુભવોની અભિવ્યક્તિ મારી કવિતામાં - કહો કે આ આપણી કવિતામાં મળતી રહે. કલા વિશેનો મારો આ અભિપ્રાય કદી બદલાવાનો નથી.

- નાઝિમ હિકમત
(તુર્કસ્તાનનો જનવાદી-ક્રાન્તિકારી કવિ)



સંવેદન સાંસ્કૃતિક મંચ
'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી - પુસ્તક ૭

મંદિર ભી નહીં, મસ્જિદ ભી નહીં
નફરત હૈ હમેં દીવારોં સે
જીના હૈ હમેં, કહના હૈ હમેં
નફરત હૈ જંગ કે નારોં સે
ઇક્કીસ સદી કે સૂરજ કો, નિગલેગી જુલ્મ કી જુલ્મત[૧૨] ક્યોં ?

11 ડિસેમ્બર, 2002

ઉર્દૂ શબ્દોના ગુજરાતી પર્યાય : [૧]ઝિલ્લત -અપમાન; [૨]દહશત - શંકા, ડર; [૩]વહશત - જંગલીપણું; [૪]ઝુર્રત - હિંમત; [૫]નસલ - જાતિ; [૬]નબ્ઝ - નાડી; સિયાસત - રાજનીતિ; [૭]લફ્ઝ - શબ્દ; [૮]બિવાઇ - ચીરા, કાપા, ચામડીના વાઢિયા; [૯]ઝીરો-ઝબ્બર - જબરજસ્તી; [૧૦]આદમખોરી - જનસંહાર; [૧૧]શિરકત - ભાગીદારી; [૧૨]જુલ્મત - અંધકાર

*રચના સંદર્ભ : તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૦૨ અમદાવાદમાં "શાંતિ માટે મહિલા-સર્જકો" નામે સાસ્કૃતિક કાર્યક્રમમાં આ રચના પહેલીવાર જાહેરમાં વાંચી. ૬-૧૨-૯૨ એ રચનાનું મુખડું - "હર બાર કિસી ભી...." બરોબર દાયકા પહેલાં, બાબરી મસ્જિદના ધ્વંસ પછી, અમદાવાદમાં કાર્યરત એક સ્વૈચ્છિક સંસ્થાનાં મુસ્લિમ અને હિંદુ/દલિત મહિલાસભ્યો સાથે કોમીએકતા અંગે વિચાર-શિબિરની સાથોસાથ નાટ્યશિબિર કરી હતી તે વખતે લખ્યું હતું. એ નાટકનું શિર્ષક પણ આ જ રાખેલું. ગીત આખું આ વર્ષે, ૨૮ ફેબ્રુઆરી પછી (૨૦૦૨)ના ગુજરાત જનસંહાર નિમિત્તે લખાયું.*





## શ્રાવ્ય કેસેટ્સ

| | | | |
|---|---|---|---|
| 1. | **'સરખી સાહેલી'** (4 ગીતો) | નારીવાદી ગીતો | વાચા સેતુ સ્રુતિ |
| 2. | **'ન્યા'નો મારગ'** | મહિલા, કાયદો અને કાનૂની પ્રક્રિયા | સામાજિક ન્યાય કેન્દ્ર - સંવેદન સાંસ્કૃતિક મંચ |
| 3. | **'હાથ અને હૈયું'** (8 ગીતો) | ગ્રામીણ નારીનો શ્રમ અને સંવેદનો | 'જાગ્રત' (સેન્ટ ઝેવિયર્સ કોલેજ) |
| 4. | **'એક હો કે રહેંગે'** (1 ગીત) | કોમી એકતા | 'જાગ્રત' (સેન્ટ ઝેવિયર્સ કોલેજ) |
| 5. | **'લાગ્યો લડત કેરો રંગ'** (2 ગીતો) | દલિતો અને સ્વમાન | નવસર્જન અને દર્શન |
| 6. | **'ઢોલ વગાડો, અજવાળાં ઉતારો'** (2 ગીતો) | દલિતો અને સંગઠન | નવસર્જન અને દર્શન |
| 7. | **'મશાલ લઇને, મશાલ લઇને'** (8 ગીતો) | ભૂકંપગ્રસ્તોના પુનઃનિર્માણ સંદર્ભે વંચિતો પરત્વેનો ભેદભાવ | સ્નેહ સમુદાય અને દર્શન |
| 8. | **'આપણો અવસર' અને 'મંજુલા'** | પંચાયતી રાજમાં મહિલાઓની ભાગીદારી | મહિલા સ્વરાજ અભિયાન |
| 9. | **'ગ્રામસભા'** (2 ગીતો) | પંચાયતીરાજ અને વંચિતો | ગુર્જરવાણી અને દર્શન |
| 10. | **'પંચાયત ચૂંટણી'** (4 ગીતો) | પંચાયતીરાજ અને વંચિતો | ગુર્જરવાણી અને દર્શન |
| 11. | **'છેવાડાનું ફળિયું'** (4 ગીતો) | દલિત નારીકથા | સામાજિક ન્યાય કેન્દ્ર |

## સંવેદન સાંસ્કૃતિક મંચનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| 1. | **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) | *સંપાદન* : ડૉ. સરૂપ ધ્રુવ હિરેન ગાંધી | રૂા. 25.00 |
| 2. | **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્ય સંગ્રહ) | મૌન બલોલી | રૂા. 25.00 |
| 3. | **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્ય સંગ્રહ) | ડૉ. સરૂપ ધ્રુવ | રૂા. 75.00 (રૂા. 60.00)★ |
| 4. | **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો'** (અભ્યાસ લેખ અને અન્ય સાહિત્ય) | ડૉ. સરૂપ ધ્રુવ -હિરેન ગાંધી મયંક ઓઝા | અપ્રાપ્ય |
| 5. | **'લોહી લુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્ય સંગ્રહ) | *સંપાદન અને અનુવાદ* : હિરેન ગાંધી | રૂા. 150.00 (રૂા. 100.00)★ |

★ આ કિંમત નીચેના પ્રાપ્તિસ્થાનેથી સીધી ખરીદી કરનાર માટે છે. ઉપરોક્ત તમામ પ્રકાશનોમાં વિદ્યાર્થીઓને વિશેષ વળતર મળશે. ટપાલથી મંગાવનાર માટે પોસ્ટેજ ખર્ચ અલગ.

**પ્રાપ્તિસ્થાન :**

**દર્શન**

A-9/4, સહજાનંદ ટાવર્સ,

રેલ્વે ઑવરબ્રિજના છેડે, જીવરાજ પાર્ક,

અમદાવાદ - 380 051

ફોન : 079 - 6815484, 6820088